# આગમ મહાસાગરના અણમૂલા રત્નો

✻ યહ આત્મા પરમાત્માકે સમાન હૈ. દોનોંકે સ્વભાવમેં નિશ્ચયસે કોઈ અંતર નહીં હૈ. યહ આત્મા પરમાનંદમેં કલ્લોક કરનેવાલા હૈ. પરમાત્મા પરમ શુદ્ધ હૈ. રાગાદિ રહિત વીતરાગ હૈ, કર્મમલ રહિત નિર્મલ હૈ તથા અવિનાશી હૈ. ૩૭.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૦૯)*

✻ દેહદેવળમાં તું પોતે શિવ વસે છે અને તું તેને બીજા દેવળમાં ઢુંઢે છે ! અરે ! સિદ્ધપ્રભુ ભિક્ષા માટે ભમી રહ્યા છે—એ દેખીને મને હાસ્ય (આશ્ચર્ય) થાય છે. ૩૮.

*(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૬)*

✻ પરમાત્મદેવ દેહામાં સ્થિત હોવા છતાં પણ જે દેવને બીજે ગોતે છે તે મૂઢબુદ્ધિ ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ ભિક્ષા માટે બહાર ભટકે છે તેમ હું માનું છું. ૩૯.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, શ્લોક-૨૨)*

✻ જિનદેવ દેહ-દેવાલયમેં વિરાજમાન હૈં, પરંતુ જીવ (ઇંટ, પત્થરોંકે) દેવાલયોમેં ઉનકા દર્શન કરતા હૈ—યહ મુજે કિતના હાસ્યાસ્પદ માલૂમ હોતા હૈ. યહ બાત ઐસી હી હૈ જૈસે કોઈ મનુષ્ય સિદ્ધ હો જાને પર ભિક્ષાકે લિયે ભ્રમણ કરે. ૪૦.

*(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૪૩)*

✻ ભગવાનઆત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃતકૃત્યતા એકાએક જ આનંદપૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે. તે ભગવાન—આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે, તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ (બાહ્ય પદાર્થો તરફ) કેમ દોડી રહ્યાં છો ? ૪૧.

*(શ્રી પદ્મનંદી—આચાર્ય, પદ્મનંદી—પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૪૬)*

✻ યહી આત્મા નિશ્ચયનયસે પરમાત્મા હૈ. વ્યવહારનયસે અનાદિ કર્મોંકે બંધનકે કારણ યહ પરાધીન હોકર દૂસરોંકી જાપ કરતા હૈ. પરંતુ જબ યહ નિશ્ચયસે અપને આત્માકો જાને તો યહી પરમાત્મા દેવ હૈં. જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ વહી મૈં અવિનાશી દેવ હૂઁ, જો મૈં હૂઁ સોહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ—ઈસ તરહ તૂ નિઃશંક હોકર ભાવના કર. હે જીવ! જૈસે નિર્મલ સ્ફટિકમણિસે ઉસકે નીચે લગે સબ ડાઘ ભિન્ન હૈં વૈસે હી ઈસ આત્માકે સ્વભાવસે સર્વ હી શુભ વ અશુભ કર્મકે સ્વભાવ ભિન્ન હૈ ઐસા માન. ૪૨.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૦૨)*




# ઉત્પાદ–વ્યય ધ્રુવને પ્રકાશે છે

**(શ્રી પ્રવચનસાર ગાથા–૧૦૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)**

[આ બહુ સરસ ગાથા છે. સ્વતંત્રતાનો ઢંઢેરો છે. દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે અને તે સ્વભાવ એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ છે. ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્યના લક્ષણ જુદા છે પણ ત્રણેનો કાળ જુદો નથી. ઉત્પાદ તે વ્યય વિના હોતો નથી કેમ કે ભાવનું–ઉત્પાદનું ભાવાન્તરના અભાવસ્વભાવે પ્રકાશવું થાય છે એટલે કે મિથ્યાત્વના અભાવસ્વભાવે સમકિતનું પ્રકાશવું થાય છે, પરંતુ દર્શનમોહનીય કર્મના અભાવથી સમકિત થાય છે તેમ નથી. માટીના પિંડના અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિ થાય છે પરંતુ કુંભારથી ઘડાની ઉત્પત્તિ થાય છે તેમ નથી. આત્મામાં કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તે મોક્ષમાર્ગની પર્યાયના અભાવસ્થાને ઉત્પન્ન થાય છે પરંતુ કર્મના ક્ષયના લઈને થાય છે તેમ છે જ નહિ. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે તેના અવસરે જ—ક્રમબદ્ધ અનુસાર જ થાય છે અને તેનું કારણ પૂર્વપર્યાય છે પણ પરદ્રવ્ય કારણ છે એમ નથી. એ રીતે, વ્યય તે ઉત્પાદ વિના નથી અને ઉત્પાદ–વ્યય તે સ્થિતિ વિના હોતા નથી તથા સ્થિતિ તે ઉત્પાદ–વ્યય વિના હોતી નથી—એ વાત અહીં દૃષ્ટાંતપૂર્વક સમજાવી છે.]

ખરેખર સર્ગ એટલે ઉત્પત્તિ તે સંહાર એટલે વ્યય વિના હોતી નથી અને વ્યય તે ઉત્પાદ વિના હોતો નથી તથા સ્થિતિ તે ઉત્પાદ ને વ્યય વિના હોતી નથી અને ઉત્પાદ–વ્યય તે સ્થિતિ વિના હોતા નથી તે કહે છે :—

**ઉત્પાદ ભંગ વિના નહિ, સંહાર સર્ગ વિના નહિ;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય–પદાર્થ વિણ વર્તે નહિ. ૧૦૦.**

બહુ સરસ ગાથા છે, સ્વતંત્રતાનો ઢંઢેરો છે.

ખરેખર સર્ગની ઉત્પત્તિ એટલે કે સમકિતની ઉત્પત્તિ સંહાર વિના-મિથ્યાત્વના નાશ વિના હોતી નથી, મિથ્યાત્વનો નાશ એટલે કે સંહાર સર્ગ વિના—સમકિતના ઉત્પાદ વિના હોતો નથી, સર્ગ ને સંહાર એટલે કે સમકિતની ઉત્પત્તિ ને મિથ્યાત્વનો નાશ સ્થિતિ વિના હોતા નથી, સ્થિતિ-ટકવું તે સર્ગ ને સંહાર વિના હોતા નથી. ક્ષાયિક સમકિતની પર્યાય થાય છે તે કેવળી ને શ્રુતકેવળીની હાજરીમાં જ થાય છતાં તેમનાથી ન થાય, પણ ક્ષાયિક થાય છે તે પોતાથી જ થાય છે.

ખરેખર કોઈપણ દ્રવ્યની ઉત્પત્તિનો સમય છે તે જ સંહારનો સમય છે. આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો સમય છે તે જ મિથ્યાત્વના સંહારનો સમય છે એટલે કે દર્શનમોહનીય કર્મના અભાવથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. જે સમયે ઉત્પાદ છે તે જ સમયે વ્યય છે. દરેક દ્રવ્યમાં ઉત્પત્તિનો જે અવસર છે, વ્યયનો તે જ અવસર છે. કર્મની પર્યાયમાં પણ પરમાણુમાં કર્મપણે પરિણમવાનો જે સયમ છે તે જ સમય અકર્મ અવસ્થાના વ્યયનો છે. ઉત્પાદ-વ્યયમાં સમય ભેદ નથી.

વ્યય વિના ઉત્પાદ હોતો નથી. ભલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના લક્ષણ જુદા છે પણ ત્રણેનો સમય એક જ હોય, સમય ભેદ નથી. ઉત્પાદ તે વ્યય ને ધ્રૌવ્ય વિના હોતા નથી, સ્થિતિ વિના ઉત્પાદ-વ્યય હોતા નથી, ઉત્પાદ-વ્યય વિના સ્થિતિ હોતી નથી. આત્મામાં જ્ઞાનની જે વધઘટ થાય છે તે જ્ઞાનાવરણીને લઈને થતી નથી. અજ્ઞાન ને મિથ્યાત્વના વ્યયનો સમય છે તે જ સમ્યગ્દર્શનના ઉત્પાદનો સમય છે ને તે જ ધ્રુવનો સમય છે.

જે ઉત્પાદ છે તે જ વ્યય છે. એટલે શું?-કે ઘટની ઉત્પત્તિ તે જ માટીના પિંડનો સંહાર છે-વ્યય છે. બન્નેનો સમય તે જ છે એટલે કે ઉત્પાદ છે તે જ સંહાર છે. દરેક દ્રવ્યની ઉત્પત્તિનો સમય તે જ વ્યયનો સમય છે, ત્યાં પરથી ઉત્પત્તિ થાય એ ક્યાં રહ્યું? કર્મનો વ્યય છે માટે કેવળજ્ઞાનનો ઉત્પાદ છે એ ક્યાં રહ્યું? ઘાતિકર્મનો ક્ષય થયો તે સમય ને અકર્મરૂપ પરમાણુ પરિણમ્યા તે સમય એક જ છે. તેથી, ઉત્પાદ તે જ વ્યય છે ને વ્યય તે જ ઉત્પાદ છે. જે ઉત્પાદ ને વ્યય છે, તે જ સ્થિતિ-ટકવું છે એટલે ટકવાનો પણ તે જ સમય છે. તેથી પરની કોઈ અપેક્ષા નથી.

શરીરની નિરોગતાનો વ્યય ને રોગનો ઉત્પાદ એક જ સમયે છે ને પરમાણુની સ્થિતિનો પણ તે જ સમય છે. આહાહા! ધીરો થઈને જો તો ખરો! પરમાં તો કાંઈ કરવાનું રહ્યું નહીં પણ પોતાની પર્યાયનો ઉત્પાદનો તે જ કાળ છે માટે ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ કરવી. જે સમયે જે કાળે ધર્મની ઉત્પત્તિ છે તે જ અધર્મનો વ્યય છે એટલે કે એક

જ કાળ છે, તે વાત દૃષ્ટાન્તથી સમજાવે છે :—

જે કાળે ઘડાની ઉત્પત્તિનો કાળ છે તે જ સમયે ઘડો થાય છે, તેનો કર્તા કુંભાર નથી. ઘડાની ઉત્પત્તિ છે તે જ માટીના પિંડનો વ્યય છે એટલે ઘડાની ઉત્પત્તિનો કાળ છે તે જ કાળ પિંડના વ્યયનો છે. કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વરૂપે અવભાસન છે એટલે કે ઉત્પત્તિરૂપ ભાવ અન્યભાવના અભાવસ્વરૂપે પ્રકાશે છે. એક પર્યાય ઉત્પન્ન થઈ તે ભાવ, તેનાથી અનેરી પર્યાય એટલે કે ભાવાન્તર તેના અભાવસ્વરૂપે ભાવનું–ઉત્પાદનું પ્રકાશવું છે.

કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, તેનાથી અનેરી એવી જે પૂર્વ પર્યાય તેના અભાવસ્વરૂપે પ્રકાશે છે એટલે કે કર્મના અભાવથી કેવળજ્ઞાન થયું એમ નથી. ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તે તેનાથી ભાવાન્તર જે અસ્થિરતાનો ભાવ તેના અભાવસ્વરૂપે પ્રકાશે છે. ભાષાની પર્યાયનો ઉત્પાદ તે ભાવ, તેનાથી ભાવાન્તર એટલે કે ભાષાની પર્યાયની પૂર્વની જે પર્યાય તેના અભાવસ્વરૂપે ભાષાનો ઉત્પાદ દેખાય છે. ઉત્પાદ છે તે તેનાથી અનેરા ભાવના અભાવસ્વરૂપે જ દેખાય છે. વર્તમાન પર્યાયનો ઉત્પાદ છે તે તેનાથી અનેરી પર્યાય એટલે કે પૂર્વ પર્યાય તેના અભાવથી દેખાય છે એટલે કે પરના નિમિત્તના કારણે ઉત્પાદ દેખાય છે તેમ નથી.

આત્માના કારણે શરીરની પર્યાય દેખાય છે તેમ નથી પણ શરીરની જે વર્તમાન પર્યાય છે તે તેની પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે દેખાય છે. દયાનો ભાવ થયો તે પૂર્વની પર્યાયના અભાવથી દેખાય છે પણ પર જીવના કારણે દયાનો ભાવ થયો એમ અમને દેખાતું નથી. એકવાર ભ્રમણાને મારી નાખ. અભ્રમણાના ભાવનો ઉત્પાદ–સમ્યગ્દર્શનનો ઉત્પાદ, તેનાથી અનેરા એવા ભ્રમણાના ભાવના—મિથ્યાભાવના અભાવથી પ્રકાશે છે.

રોટલીનો ઉત્પાદ કઈ રીતે પ્રકાશે છે?–કે પિંડની જે અવસ્થા તેના અભાવથી રોટલીનો ઉત્પાદ પ્રકાશે છે પણ વેલણથી કે સ્ત્રીથી રોટલીનો ઉત્પાદ પ્રકાશતો નથી. તને એમ લાગે કે ઘડાની ઉત્પત્તિ કુંભારથી થઈ તો એ વાત ત્રણ કાળમાં સાચી નથી. ઘડાની ઉત્પત્તિ તેનાથી અનેરાભાવરૂપ જે માટીનો પિંડ તેના અભાવસ્વભાવે દેખાય છે, પણ કોઈના કરવાથી ઉત્પત્તિ પ્રકાશે છે એમ નથી.

ભગવાનની ભક્તિના ભાવનો ઉત્પાદ થયો તે પૂર્વ પર્યાયના અભાવથી થયો છે પણ ભગવાનના દર્શનથી ભક્તિનો ભાવ થયો છે એમ નથી. શુભભાવની ઉત્પત્તિ પૂર્વ પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે પણ ભગવાનના દર્શન થયા માટે પ્રકાશે છે તેમ નથી. પ્રભુ એમ કહે છે કે કુંભારને ઘડો કરવાનો વિકલ્પ ઊઠ્યો તે પૂર્વના વિકલ્પના અભાવથી

**અન્વય છે તે વ્યતિરેકો દ્વારા જ જણાય છે.**

એ વિકલ્પ પ્રકાશે છે પણ માટીના પિંડના કારણે ઘડો કરવાનો વિકલ્પ થયો છે એમ નથી. ઘડાની ઉત્પત્તિની પર્યાય અને દરેક દ્રવ્યની ઉત્પત્તિની પર્યાય તેનાથી અનેરી પર્યાયના અભાવસ્વભાવે દેખાય છે, બીજા કોઈ નિમિત્તના લઈને દેખાય છે એમ નથી.

ભાઈ! એકવાર આગ્રહ છોડી, વસ્તુની જે મર્યાદા છે એ રીતે તું જ્ઞાન તો કર! અક્ષરની ઉત્પત્તિ થાય છે તે પૂર્વની પર્યાયના અભાવને લઈને દેખાય છે પણ લખનારને લઈને દેખાય છે એમ છે જ નહીં. મોક્ષનો માર્ગ ઉત્પન્ન થયો તે પૂવની પર્યાયના અભાવસ્વભાવે દેખાય છે પણ તું બીજી રીતે દેખ તો એમ છે નહીં.

આહાહા! આ ચમત્કાર છે કે દરેક દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ તેના અનેરાભાવના અભાવથી પ્રકાશે છે પણ અન્ય દ્રવ્યના લઈને પ્રકાશે છે તેમ નથી. સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ તેનાથી ભાવાન્તર જે મિથ્યાત્વ તેના અભાવથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રકાશે છે પણ દર્શનમોહનીય કર્મના અભાવથી પ્રકાશે છે એમ નથી. જ્ઞાનની હીણી પર્યાયની ઉત્પત્તિ તેની પૂર્વ પર્યાયના અભાવને લઈને પ્રકાશે છે પણ જ્ઞાનાવરણી કર્મના લઈને જ્ઞાનની હીણી દશા પ્રકાશે છે તેમ નથી.

આહાહા! સમજાય એવી વાત છે હો! ભગવાનઆત્માને ન સમજાય તો કોને સમજાશે! જ્ઞાનની જે અધિકદશા થઈ તે પૂર્વે જે હીણીદશા હતી એ ભાવાન્તરના અભાવસ્વભાવે ભાસે છે પણ જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી જ્ઞાનની અધિકદશા પ્રકાશે છે એમ નથી. પ્રભુ એમ કહે છે કે આત્મામાં કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તે ભાવ તેનાથી ભાવાન્તર જે પૂર્વની પર્યાય તેના અભાવસ્વભાવે પ્રકાશે છે.

શાસ્ત્રનું આ પાનું વાંચતા જે જ્ઞાનની ઉત્પત્તિ થઈ તે પાનાના કારણે નહીં પણ પૂર્વે જે પર્યાય હતી તેના અભાવ-સ્વભાવે થઈ છે. દૂધમાંથી દહીં થાય છે તે છાસના મેળવણથી થયું નથી પણ દહીંની પર્યાય તેની પૂર્વ પર્યાયના અભાવના લઈને દહીંના ઉત્પાદરૂપે પ્રકાશે છે.

પ્રભુ! તું જ્ઞાતા છે ને! એ જ્ઞાતાની પર્યાયનો ઉત્પાદ પરને જાણે છે માટે છે એમ નથી પણ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ એના પહેલાંની પર્યાયના સંહારને લઈને થયો છે. શ્રી સમયસારની ૩૨૦ ગાથામાં નિર્જરા અને મોક્ષને કરે નહીં પણ જાણે એમ કહ્યું છે. એ નિર્જરા ને મોક્ષની પર્યાય છે માટે જાણવાની પર્યાય એને જાણે છે એમ નથી પણ એ જાણવાની પર્યાય તેની પહેલાંની જે જાણવાની પર્યાય હતી તેના અભાવસ્વભાવે પ્રકાશે છે. જ્ઞાતાદૃષ્ટાની પર્યાય જેને જાણે છે તેનાથી થઈ છે એમ નથી. જ્ઞતાદૃષ્ટાની પર્યાય ઉત્પન્ન થઈ તે તેના પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે. કેવળજ્ઞાનની પર્યાય

લોકાલોકને જાણે છે માટે લોકાલોકને લઈને જાણે છે એમ નથી, કેવળજ્ઞાનની પર્યાય તેની પૂર્વપર્યાયના અભાવસ્વભાવે અવભાસે છે. પ્રગટ પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય ન હોય, એ પ્રગટ પર્યાય તેના પૂર્વ પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે.

હવે કહે છે કે જે સંહાર છે તે જ સર્ગ છે. માટીના પિંડનો અભાવ તે જ ઘડાનો ઉત્પાદ છે કારણ કે અભાવનું(-સંહારનું) ભાવાન્તરના(-ઉત્પાદના) ભાવસ્થાને અવભાસન-પ્રકાશવું છે. મોક્ષમાર્ગની પર્યાયનો નાશ તેનાથી ભાવાન્તર જે કેવળજ્ઞાન તેના ભાવસ્વભાવે પ્રકાશે છે. મિથ્યાત્વની પર્યાયનો નાશ સમકિતના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે.

દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે પર્યાય તેના તે અવસરે જ થાય છે અને તેનું કારણ પૂર્વ પર્યાયનો અભાવ છે. કેવળજ્ઞાનની પર્યાય, તેનાથી પૂર્વ પર્યાયરૂપ જે ભાવાન્તર તેના અભાવસ્થાને પ્રકાશે છે . કેવળજ્ઞાન પહેલાં જે અપૂર્ણ અવસ્થા હતી તેના અભાવ વિના કેવળજ્ઞાન હોઈ શકે નહીં એટલે કે મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય એ વાત રહેતી નથી.

આહાહા! આ ૧૦૦મી ગાથા છે. ૧૦૦ એટલે ૧૦૦! પૂરણ! ગજબ વાત છે. દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે અને તે સ્વભાવ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, તેમાં દરેક દ્રવ્ય વર્તે છે પણ પર પદાર્થના લઈને વર્તે છે એમ નથી.

જે ઘડાની ઉત્પત્તિ છે તે માટીના પિંડનો વ્યય છે ને તે જ માટીની સ્થિતિ છે એટલે કે જે સમયે ઉત્પાદ ને વ્યય છે તે જ સમયે ધ્રુવ છે કારણ કે વ્યતિરેકો એટલે કે ભિન્ન ભિન્ન અવસ્થાઓ અન્વયને એટલે કે તેની સ્થિતિને છોડતા નથી. ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે તે વ્યતિરેકો છે ને ટકી રહેવું તે સ્થિતિ અર્થાત્ અન્વય છે. ઉત્પાદ-વ્યયનો સમય તે જ ધ્રુવનો સમય છે. વ્યતિરેકો છે તે અન્વયને છોડતા નથી એટલે કે ઉત્પાદ-વ્યય છે તે ધ્રુવને છોડતા નથી.

વળી, જે સમયે માટીની સ્થિતિ છે તે જ સમયે પિંડનો વ્યય ને કુંભની ઉત્પત્તિ છે. જે સમયે ઉત્પાદ તે જ સમયે વ્યય ને તે જ સમયે સ્થિતિ છે. અન્વય અર્થાત જે સ્થિતિ છે તે વ્યતિરેકો દ્વારા જ જણાય છે. સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય ને ત્રિકાળી ધ્રુવ તે સ્થિતિ છે-તેમાં વ્યતિરેકો-જુદા જુદા ભાવો ધ્રુવને છોડતા નથી ને ધ્રુવ તે વ્યતિરેકો દ્વારા જણાય છે. સ્થિતિને સ્થિતિ પ્રકાશે છે એમ નથી. સ્થિતિને ઉત્પાદ-વ્યય પ્રકાશે છે, ઉત્પાદ-વ્યય સ્થિતિને છોડતા નથી ને એ ઉત્પાદ-વ્યય સ્થિતિને પ્રકાશે છે.

પર્યાયો ધ્રુવને છોડતા નથી, પર્યાયો ધ્રુવને પ્રકાશે છે. વિસદ્દશ અર્થાત્ વ્યતિરેકો અર્થાત્ ઉત્પાદ-વ્યય છે તે પોતાને પ્રકાશે છે એમ ન કહેતા વિસદ્દશ છે તે સદ્દશને-ધ્રુવને

પ્રકાશે છે એમ કહ્યું કેમ કે જ્ઞાન થતાં જાણનાર પર્યાય તો જાણવામાં આવી જાય છે-જણાઈ જાય છે, તેથી પર્યાય ધ્રુવને પ્રકાશે છે તેમ કહ્યું. ઉત્પાદ-વ્યય છે તે જ સ્થિતિ છે અને વ્યતિરેકો સ્થિતિને પ્રકાશે છે તેમ કહ્યું. ઉત્પાદ-વ્યય છે તે જ સમયે સ્થિતિ છે અને વ્યતિરેકો સ્થિતિને પ્રકાશે છે એનો અર્થ એ થયો કે દેવ-શાસ્ત્ર-ગુરુથી ધ્રુવ જણાતો નથી, શાસ્ત્ર દ્વારા પણ ધ્રુવ પ્રકાશતો નથી. સમકિતનો ઉત્પાદ અને મિથ્યાત્વનો વ્યય તે જ કાળે ધ્રુવને પ્રકાશે છે.

ભગવાનના જ્ઞાનમાં જે જ્ઞેયો જાણાયા તેની સ્થિતિ-મર્યાદા કેવી રીતે છે તે આ વાત છે. પોતાના કારણે જે ઉત્પાદ-વ્યય છે તે કાયમી સ્થિતિને પ્રકાશે છે. પરમાણુની પર્યાયનો ઉત્પાદ-વ્યય પરમાણુની સ્થિતિને પ્રકાશે છે. આ સમજે શું લાભ?—કે જો આટલી માન્યતા થાય કે ઉત્પાદ-વ્યય છે તે ધ્રુવને પ્રકાશે છે તો પરાવલંબી શ્રદ્ધા છૂટી જાય છે અને સ્વસન્મુખતાનો પ્રયત્ન થાય છે.—એ લાભ થાય છે.

જો આમ ન માનવામાં આવે તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે જુદા જુદા સમયમાં છે એમ માનવાનો પ્રસંગ આવે. તો એને ક્યા ક્યા દોષ આવે તે સમજાવે છે.

માત્ર ઉત્પાદ શોધનાર કુંભની, તેના ઉત્પાદના કારણરૂપ વ્યયના અભાવે, તેની ઉત્પત્તિ જ ન થાય. મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમકિતની ઉત્પત્તિ જ ન થાય. કારણ કે ઉત્પાદનું કારણ તેની પૂર્વ પર્યાયનો વ્યય છે. તેથી વ્યયના અભાવમાં ઉત્પાદની ઉત્પત્તિ જ ન થાય અથવા તો અસત્‌નો ઉત્પાદ થાય-જે નહિ તેનો ઉત્પાદ થાય. સ્થિતિ અને સંહાર વિના જો ઉત્પાદ થાય તો તો અસત્‌નો ઉત્પાદ થાય, પણ એમ તો છે નહીં. દરેક દ્રવ્યમાં જો સ્થિતિ ને વ્યય ન હોય તો ઉત્પાદ જ ન થાય અથવા જો સ્થિતિ ને વ્યયના અભાવમાં ઉત્પાદ થાય તો અસત્‌નો ઉત્પાદ થાય એટલે કે આકાશના ફૂલનો ઉત્પાદ થાય એટલે કે શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે.

કોઈપણ દ્રવ્યમાં એકલો સંહાર શોધવા જાય તો એટલે કે મૃતિકા પિંડનો વ્યય શોધવા જાય તો વ્યયના કારણરૂપ ઉત્પાદના અભાવને લીધે વ્યય જ ન થાય. માટીના પિંડનો વ્યય જો ઘડાની ઉત્પત્તિ ન હોય તો વ્યય જ ન હોય કેમ કે વ્યયનું કારણ ઉત્પાદ છે. તેથી ઉત્પાદ વિના એકલો સંહાર ગોતવા જાય તો સંહાર હોઈ શકે નહીં.

સંહાર એકલો શોધવા જાય તો ઉત્પાદ-કારણ વિના હોઈ શકે નહીં અથવા તો સત્‌નો જ નાશ થઈ જશે. એકલા મિથ્યાત્વનો વ્યય શોધવા જાય તો સમકિત-ઉત્પાદ વિના મિથ્યાત્વનો વ્યય હોઈ શકે નહીં અથવા તો સમકિતના ઉત્પાદ વિના મિથ્યાત્વનો વ્યય શોધવા જાય તો સત્‌નો વ્યય થઈ જાય, ધ્રુવનો વ્યય થઈ જાય.

**સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે.**

જેમ ઘડાની ઉત્પત્તિ વિના માટીના પિંડનો વ્યય જ ન થાય તેમ દરેક દ્રવ્યમાં ઉત્પાદ વિના કોઈપણ ભાવનો વ્યય જ ન થાય, કોઈપણ ભાવ પલટે જ નહીં અથવા સત્‌નો વિચ્છેદ થઈ જાય. તેથી, એકલો સંહાર શોધવા જાય તો ચૈતન્ય વગેરેનો જ નાશ થઈ જાય.

માત્ર સ્થિતિ શોધવા જાય તો ઉત્પાદ ને વ્યય વિના સ્થિતિ હોઈ શકે નહીં કેમ કે ભિન્ન ભિન્ન વ્યતિરેક વિના એકલું અન્વય હોઈ શકે નહીં. ભિન્ન ભિન્ન વ્યતિરેકો વિના અભિન્નપણું–ધ્રુવ રહી શકે જ નહીં. ઉત્પાદ–વ્યયમાં ધ્રુવનો ખ્યાલ આવે છે તેથી ઉત્પાદ–વ્યય વિના એકલો ધ્રુવ હોઈ શકે નહીં અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.

અનંત પદાર્થો છે તે એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહિત છે. પણ જો કોઈ કહે કે એકલો ઉત્પાદ છે તો ઉત્પાદના કારણરૂપ વ્યયના અભાવમાં ઉત્પાદ જ ન થાય અથવા અસત્‌નો ઉત્પાદ થાય. જો એકલો વ્યય રહે તો વ્યયના કારણરૂપ ઉત્પાદના અભાવમાં વ્યય જ હોય અથવા તો સત્‌નો વ્યય થઈ જાય. જો એકલું ધ્રુવ કહો તો વ્યતિરેકો વિના—કાર્ય વિના કારણ જ ન હોય એટલે કે ઉત્પાદ–વ્યય વિના સ્થિતિ ન હોય અથવા તો ધ્રુવને જ ક્ષણિકપણું આવે. ઉત્પાદ–વ્યય વિના–વ્યતિરેક વિના અન્વય હોઈ જ ન શકે કારણ કે પલટતી અવસ્થા દ્વારા સ્થિતિ જણાય છે.

કોઈપણ દ્રવ્યના વ્યતિરેક વિના તે દ્રવ્યની સ્થિતિ જ ન રહે. જેમ ઘડાના ઉત્પાદ ને પિંડના વ્યય વિના માટીની સ્થિતિ જ ન રહે તેમ વિશ્વનું કોઈપણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે. ઉત્પત્તિ ને વ્યય ન હોય તો ધ્રુવ જ ન રહે. પલટતી ક્રિયા દ્વારા ધ્રુવ જણાય છે તેથી પલટતી ક્રિયાના અભાવમાં ધ્રુવ જ સિદ્ધ ન થાય અથવા તો જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના પરિણામો–વિકલ્પો ક્ષણિક છે તેનું નિત્યપણું થઈ જાય–એ દોષ આવે.

માટે, વસ્તુને પછી પછીના વ્યતિરેકોના ઉત્પાદ સાથે, પહેલાંના વ્યતિરેકોના વ્યય સાથે અને અન્વયની સ્થિતિ–ધ્રુવ સાથે અવિનાભાવવાળું અબાધિત ત્રિલક્ષણપણારૂપ ચિહ્‌ન પ્રકાશમાન છે—એમ સિદ્ધ થાય છે.

---

‘‘બહુરિ ઈસ અવસર વિષૈં ભી તત્ત્વનિર્ણય કરનેકા પુરુષાર્થ ન કરે, પ્રમાદતૈં કાલ ગમાવૈ, કૈ તો મંદરાગાદિ લિએ વિષયકષાયનિકે કાર્યનિહીવિષૈ પ્રવર્તૈં, કૈ વ્યવહારધર્મકાર્યોમેં પ્રવર્તૈં, તબ અવસર તો જાતા રહૈ, સંસારહીવિષૈ ભ્રમણ હોય....સો મુખ્યપને તો તત્ત્વનિર્ણય વિષૈં ઉપયોગ લગાવનેકા પુરુષાર્થ કરના....અબ સર્વ પ્રકાર અવસર આયા હૈ, ઐસા અવસર પાવના કઠિન હૈ. **—પંડિતપ્રવર ટોડરમલજી**

**પ્રગટ પર્યાય તે તેની પૂર્વ પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે.**

# સ્વાનુભૂતિ-દર્શન

## આત્મ – મહિમા

આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ. શુષ્ક વિચાર કરે તો વહ છૂટ જાતા હૈ. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા બોલ દિયા, લેકિન ઉસકો ગ્રહણ નહીં કિયા તો ઐસે પહિચાન નહીં હોતી. ઈસકી મહિમા આની ચાહિયે. અનંત ગુણસે ભરપૂર, આશ્ચર્યકારી, આનંદકારી, મહિમાવંત આત્મા હૈ ઐસા વિચાર કર ભીતરમેં જાવે તબ ભેદજ્ઞાન હોવે. અનંત ગુણસે ભરપૂર ચૈતન્ય–ચમત્કારમય ચૈતન્યદેવ મૈં હૂં, દિવ્યતાસે ભરપૂર મૈં હૂં—ઐસી ચૈતન્યકી અંદરસે અદ્ભુતતા લગની ચાહિયે. ફિર આત્માકો ગ્રહણ કરેં તો ગહરાઈ આતી હૈ. આત્માકી મહિમા ન લગે ઔર બાહરસે જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... ઐસા કરને લગે અર્થાત્ ઉપર–ઉપરસે જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ કરે તબ કુછ નહીં હોતા. ઈસકી મહિમા આની ચાહિયે. મૈં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ કોઈ અદ્ભુત આત્મા હૂં ઐસી મહિમા આવે તો ભીતરમેં ચલા જાતા હૈ.

## જ્ઞાની પાસે જઇને ભક્તિ માંગવી

ભક્તિ એટલે કે મહિમા કરજે. (તેમની પાસેથી) હું જાણી લઉં....જાણી લઉં તેવા એકલા વિકલ્પ કરવા કરતાં તું ભક્તિ એટલે કે મહિમા કરજે. સત્ પુરુષની દશાની મહિમા આવતાં તને તારા આત્માની મહિમા આવવાનો અને તારા આત્માની દશા પ્રગટ કરવાનો અવકાશ છે. હું જાણી લઉં.... જાણી લઉં... એમ લુખ્ખા જ્ઞાનની માંગણી કરવા કરતાં, અર્થાત્ આનું શું? આનું શું? એમ કરવા કરતાં તેમની મહિમા કરજે. એનાથી તારા ચૈતન્યની મહિમા તને આવશે અને ચૈતન્ય તરફ વળાશે. બહાર દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરવાથી અંતરમાં તારા આત્માની મહિમા આવવાનો અવકાશ છે. તેમની મહિમા વગર તું જાણીશ તે શું કામનું?

જેણે આત્માની દશા પ્રગટ કરી છે અને આત્માની સાધના કરી છે, એવા ગુરુની મહિમા તને નહિ આવે તો તને તારા આત્માની મહિમા આવવાનો ક્યાં અવકાશ છે? તારા આત્માની મહિમા ન આવે અને એકલું જાણ્યા કરે તો પણ આત્મા તરફ વળવાનો અવકાશ નથી. માટે જ જ્ઞાન મહિમાપૂર્વક હોવું જોઈએ. મહિમા વગરનું જ્ઞાન તારા સ્વભાવ તરફ આવશે નહિ.

અરિહંત ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને

જાણે. ભગવાનની દશાની મહિમા આવે ત્યારે ભગવાનના આત્માની મહિમા આવે અને તો નિજ આત્માની મહિમા આવે. ગુરુની દશાની મહિમા આવે તો ગુરુને ઓળખે અને ગુરુને ઓળખે તે પોતાને ઓળખે.

શ્રીમદ્જી એમ લખે છે કે ''જ્ઞાની પાસે જ્ઞાન માંગવા કરતાં ભક્તિ માંગજે'' કેમ કે તેનાથી તને તારા સ્વભાવની મહિમા આવશે. જ્ઞાનનો સ્વભાવ શું છે? વિભાવ શું છે? એમ તું તત્ત્વ-વિચાર કરીને જાણજે. પણ માત્ર જાણી લઉં... શીખી લઉં... ભણી લઉં... આવું બધું કરવાથી તું એમાં ને એમાં રોકાઈ જઈશ અને તારા તરફ વળવાનો અવકાશ રહેશે નહિ. ગુરુના સ્વભાવની મહિમા આવતાં તું સહેજે અંતરમાં વળી જશે, તારાથી વિભાવમાં ટકી નહિ શકાય. જો ગુરુની દશાની મહિમા આવી તો આત્માની–સ્વભાવની મહિમા આવશે અને તો વિભાવમાં ટકી નહિ શકાય; પોતા તરફ જવાનો પ્રયત્ન ઊપડશે. નિજ મહિમા વગર જ્ઞાન પોતાના તરફ આવશે નહિ. જો તને પોતાની મહિમા નથી આવતી તો વિભાવની મહિમામાં તું ઊભો રહીશ અને સ્વભાવ તરફ નહિ જઈ શકાય. માટે, મહિમાપૂર્વક જ્ઞાન હોય. જ્ઞાન, ભક્તિ, તત્ત્વવિચાર આદિ આત્માની મહિમાપૂર્વક હોવાં જોઈએ.

જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું હોય તો પોતાનામાં વળાશે, રુચિ પોતાના તરફની થશે. વિભાવમાં એકત્વબુદ્ધિ, તન્મયતા હશે તો પોતાનામાં નહિ વળી શકાય. માટે તેનાથી તું નિરાળો થજે. તારી પરિણતિનો વેગ સ્વભાવ તરફ જાય એવી અંદરથી વિરક્તિ, મહિમા, તેવા તત્ત્વના વિચાર કરજે અને તું પોતાને ઓળખીને તારા તરફ વળજે. એટલે કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું સાથે હશે તો જ તારામાં વળાશે, તે વગર વળાતું નથી. જ્ઞાન વગર ક્યાં જઈશ? અને મહિમા-ભક્તિ વગરનું એકલું જ્ઞાન હશે તો લૂખું થઈ જશે. માટે જ્ઞાન, મહિમા, વિરક્તિ વગર પોતા તરફ જઈ શકાતું નથી.

## રુચિ કેમ કરવી ?

રુચિ પોતાથી થાય છે, કોઈ કરી દેતું નથી. રુચિ પોતાને અંદરથી લાગવી જોઈએ. ગુરુદેવે આવી વાણી વરસાવી, હવે રુચિ કરવી તે પોતાના હાથની વાત છે. ગુરુદેવે કહ્યું, આત્મા કોઈ અપૂર્વ-અનુપમ છે. આત્મામાં બધું છે, તે અમુક વિચાર કરીને નક્કી કરી રુચિ જગાડવી. રુચિ અનુયાયી વીર્ય. પોતાના આત્માના જ પ્રયોજનવાળી સાચી રુચિ હોય તો જ્ઞાન તેમાં સાચું કામ કરે છે. રુચિ એવી લાગે કે ક્યાંય રોકાય નહિ એવી તીક્ષ્ણ રુચિ હોવી જોઈએ.

આવે છે ને કે ''હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે'' તેના જેવી આત્માની રુચિ

થવી જોઈએ કે જ્યાં જોઉં ત્યાં મને આત્મા જ સાંભરે, હાલું-ચાલું તો આત્મા જ સાંભરે. મારો આત્મા કેમ પ્રગટ થાય? એમ મને બધાં કાર્યોમાં આત્મા સાંભરે. ''હું તો ભોજન કરું ને પ્રભુ સાંભરે રે'' તેમ મને દરેક સમયે આત્મા સાંભરે, ''દાતણ કરું ને પ્રભુ સાંભરે રે'' એવી આત્માની રુચિ અને લગની લાગે તો અંદરથી આત્મા પ્રગટ થવાનો અવકાશ આવે.

આત્માની રુચિ એવી લાગવી જોઈએ કે ક્યાંય રસ લાગે નહિ ને બધેથી રસ તૂટી જાય. ''હું નીંદર કરું ને પ્રભુ સાંભરે રે'' એમ હું નીંદર કરું ને મને આત્મા સાંભરે તેવી રીતે દરેક કાર્યમાં મને આત્મા સાંભરે. આત્મા કેમ પ્રગટ થાય? તેવી અંદરથી લગની લાગે તો આત્મા અંદરથી પ્રગટ થાય; પણ તેને ક્ષણે ક્ષણે એવી રુચિ અને લગની જોઈએ.

## આશીર્વચન

બધાંએ જીવનમાં એક ધ્યેય રાખવાનું – જ્ઞાયક આત્મા કેમ ઓળખાય? જીવનમાં જે નિર્ણય કર્યો છે તે નિર્ણયની દૃઢતાથી આગળ જવાનું છે. અંદર પુરુષાર્થ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો, શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની અને અંદરમાં જ્ઞાયકદેવની આરાધના-મહિમા કરવી. બસ, બીજા બધા વિભાવભાવોને ગૌણ કરી દેવા અને જ્ઞાયકદેવને મુખ્ય કરીને જીવન ગાળવું. બસ તે એક જ ધ્યેય રાખવું. જે ધ્યેય નક્કી કર્યું છે કે આ રીતે જીવન ગાળવું તે એક જ ધ્યેયની દૃઢતાથી આગળ જવાનું છે. શાસ્ત્ર-સ્વાધ્યાય, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા અને અંદર શુદ્ધાત્મા કેમ ઓળખાય તે ધ્યેયની દૃઢતા રાખવી. હું તો એક જ કહું છું અને તે એક જ કરવાનું છે કે એક આત્માને ઓળખો. બસ, તેમાં બધું આવી જાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યમાં રહીને તેમની અને આત્માની આરાધના કરવી. બસ, આ જ કરવાનું છે. લૌકિક જીવન જુઓ ને કેવાં જાય છે? આ જીવન જે આત્મા માટે ગાળ્યું તે યથાર્થ જીવન છે, બાકી સંસારનાં બધાં લૌકિક જીવન નકામાં છે. લૌકિકમાં તો આખો દિવસ ખાવું, પીવું, વ્યવહાર રાખવા તે બધું હોય છે. તે બધું જીવન તે જીવન નથી. મનુષ્ય જીવનમાં જ્ઞાયકનું ધ્યેય હોય અને દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે તેમાં જીવન જાય તો તે સફળ જીવન છે. બાકી તે વિના બધા જીવન સાવ નિષ્ફળ, તુચ્છ ને સૂકા છે. તે જીવન આદરવા યોગ્ય નથી. એક શુદ્ધાત્મા આદરવા યોગ્ય છે. તેથી, જે જીવનમાં આત્માનું કાંઈ કર્યું નહિ, શુદ્ધાત્માનું ધ્યેય રાખ્યું નહિ, તેની આરાધના કરી નહિ તથા દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરી નહિ તે જીવન નકામું છે.

પદ્મનંદી આચાર્યદેવે કહ્યું છે કે તે ગૃહસ્થાશ્રમ શું કામનો કે જે ગૃહસ્થાશ્રમમાં ગુરુના પગલાં નથી, ગુરુનાં આહારદાન નથી, જિનેન્દ્રદેવનાં દર્શન નથી તેમ જ શાસ્ત્ર-સ્વાધ્યાય નથી તે ગૃહસ્થાશ્રમને પાણીમાં બોળી દેજે એમ આચાર્યદેવે કહ્યું છે.

**ભાવકર્મ તોડવાનો ઉપાય એક જ્ઞાયકદેવ છે.**

# ભાવકર્મનો નિરોધ કરવાની રીત

મૂળ ભાવકર્મ જ કર્મ છે. દ્રવ્યકર્મ, ભાવકર્મને લઈને બંધાયા કરે છે. જો ભાવકર્મનો નિરોધ થાય તો દ્રવ્યકર્મનો નિરોધ થાય જ છે. અનાદિકાળથી તે બધાં કર્મનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે, પણ કર્મનો નાશ કરવાનો જે સાચો ઉપાય છે તેને ગ્રહણ કરતો નથી. તું બહારથી બધું કર્યા કર તેનાથી કાંઈ કર્મનો નાશ થતો નથી, ઊલટાનું કર્મ બંધાયા કરે છે. તું શુભભાવો કર્યા કરે છે, પણ તે શુભભાવથી કર્મનો નાશ ન થાય, પુણ્ય બંધાય અર્થાત્ દ્રવ્યકર્મ તો એમ ને એમ બંધાયા જ કરે. જ્યાં સુધી ભાવકર્મનો નાશ થતો નથી, ત્યાં સુધી દ્રવ્યકર્મનો નાશ થતો જ નથી.

શાસ્ત્રમાં આવે છે ને કે અજ્ઞાની જે કર્મ લાખ-ક્રોડ ભવે ખપાવે છે તે કર્મ જ્ઞાની એક ઉચ્છ્વાસ માત્રમાં ક્ષય કરે છે. અજ્ઞાની અશુભમાંથી શુભભાવમાં ઊભો રહે છે પણ એથી તો ભાવકર્મ એમ ને એમ ઊભાં રહે છે અને ભાવકર્મ ઊભાં રહે છે એટલે દ્રવ્યકર્મનો નાશ થતો નથી, ખરી રીતે તેને નિર્જરા થતી નથી. અશુભ ભાવની નિર્જરા થાય તે વાસ્તવિક નિર્જરા નથી. માત્ર શુભભાવ કરવાથી કર્મનો આસ્રવ રોકાતો નથી.

અંદર ભાવકર્મનો નિરોધ કેવી રીતે થાય તેના ઉપાય માટે પરમ ગુરુનો (સત્ પુરુષનો) આશ્રય લેવો. સકળ મોહ-રાગ-દ્વેષનો ક્ષય કરવો હોય તો પરમ ગુરુનો આશ્રય લેવો. પરમ ગુરુ તને માર્ગ બતાવશે કે ભાવકર્મનો નિરોધ કેમ થાય. અંદરમાં તું ચૈતન્યદેવને ગ્રહણ કર અને જે આ ભાવકર્મનો ઉદ્‌ભવ થાય છે તેનાથી તું જુદો પડ. જે આ ભાવકર્મ-વિભાવભાવો થાય છે તે મારું સ્વરૂપ નથી, હું તેનાથી જુદો જ્ઞાયક છું- એવા જ્ઞાયકદેવને ગ્રહણ કર તો ભાવકર્મનો નિરોધ થશે. તું ચૈતન્યની પરિણતિ-ચૈતન્યનું કાર્ય પ્રગટ કર, તો ભાવકર્મની ક્રિયા તારાથી જુદી પડશે. ભાવકર્મથી ભેદજ્ઞાન કર કે હું જુદો છું. ચૈતન્યના કર્તા-કર્મ-ક્રિયા બધું મારામાં છે, ભાવકર્મ મારું સ્વરૂપ નથી. આ રીતે તેનાથી જુદો પડ. ભાવકર્મનો નિરોધ ક્યારે થાય?-કે જ્યારે ચૈતન્યની પરિણતિ પ્રગટ કરે ત્યારે. જ્ઞાયકદેવની જો જ્ઞાયકરૂપે પરિણતિ થાય અને ભાવકર્મ મારું સ્વરૂપ નથી એમ તેનાથી જુદો પડે તો અનંતાનુબંધીનાં જે ભાવકર્મ થાય છે તે બધાં તૂટી જશે ને એ જાતનાં દ્રવ્યકર્મ પણ તૂટી જશે. પછી અલ્પ અસ્થિરતાનાં ભાવકર્મ રહેશે તે પણ ધીરે-ધીરે તૂટી જશે. માટે તું ભાવકર્મથી જુદો પડ કે હું જુદો છું એટલે કે ભાવકર્મથી તું ભેદજ્ઞાન કર, તેનાથી જુદો પડ. જેનાથી તું એકમેક થઈ ગયો છે તેનાથી છૂટો પડી જા અને છૂટો પડીશ તો તે તૂટશે. ભાવકર્મનો નિરોધ થતાં, ભાવકર્મના નિમિત્તથી જે દ્રવ્યકર્મ બંધાતાં હતાં તે બંધાતાં જ નથી. માટે, ભાવકર્મ કેમ છૂટે તેનો પુરુષાર્થ કર. જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ કર અને ભાવકર્મ સાથે તારી એકમેક ગાંઠ બંધાઈ ગઈ છે તે ગાંઠને

છૂટી પાડી દે તો તે ઢીલા પડી જશે. તે ઢીલા પડવાથી અમુક જાતનાં ભાવકર્મ તો આવશે જ નહિ. પછી જે કોઈ થોડાં રહેશે તે પણ છૂટી જશે. માટે, તું ચૈતન્યદેવને અંદર પ્રગટ કર. ભાવકર્મ તોડવાનો ઉપાય એક જ્ઞાયકદેવ છે. જ્ઞાયકદેવ જાગ્યા તો ભાવકર્મ તૂટી ગયાં. જ્ઞાયકદેવ સર્વ રીતે બળવાન છે. જ્ઞાયકદેવ જો જાગૃત થાય તો ભાવકર્મ તૂટી જાય. માટે, જ્ઞાયકદેવને અંતરથી પ્રગટ કરતાં બધા મોહ-રાગ-દ્વેષ તૂટી જશે.

## સમ્યગ્દર્શનનો વિષય

સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે. પર્યાયો તો બધી પલટાયા કરે છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખી ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ટકાવી હું આ ચૈતન્ય છું, વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે—એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા કે જે કાયમ ટકનારો છે તેને ગ્રહણ કરવો. જ્ઞાન બધાનું થાય કે આ સ્વભાવ છે, આ વિભાવ છે પણ દૃષ્ટિ તો એક આત્મા ઉપર કરવી. ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે અંતરમાં પ્રગટ થાય અને જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે. સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે. અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે. તેનું વેદન આવે અને સ્વાનુભૂતિ વધતી જાય, લીનતા વધતી જાય તો ભૂમિકા પણ વધતી જાય છે. ખરું કરવાનું તો તે છે; પણ તે પહેલાં તત્ત્વવિચાર, શાસ્ત્ર-અભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે આવે છે અને તે એક આત્માને ઓળખવા માટે છે. આત્મા કેમ ગ્રહણ થાય? એમ વારંવાર વારંવાર ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી જોઈએ. પહેલાં તે ભેદજ્ઞાન ભાવનારૂપ હોય, પછી તેની સહજ ધારા પ્રગટ થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા પ્રગટ થવાનો પ્રસંગ આવે છે. જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું. આમ, અંતરમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી તે જ મુક્તિનો માર્ગ છે.

જીવે ઘણીવાર ક્રિયાઓ કરી છે, શુભભાવો કર્યા છે. તેનાથી પુણ્યબંધ થાય છે, દેવલોક મળે છે, પણ ભવનો અભાવ થતો નથી. વિકલ્પ તૂટીને અંતરમાં સ્વાનુભૂતિ થાય તો ભવનો અભાવ થાય અને તે મુક્તિનો માર્ગ છે. તેના માટે વર્તમાનમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો સ્વાનુભૂતિનો પ્રસંગ આવે છે. જ્ઞાન આત્મામાંથી પ્રગટે, દર્શન આત્મામાંથી પ્રગટે અને ચારિત્ર પણ આત્મામાંથી પ્રગટ થાય છે માટે તેઓ આત્મસ્વભાવ છે; પણ શુભભાવ આત્માનો મૂળ સ્વભાવ નથી, તેથી દૃષ્ટિ તેને હેય માને છે. જ્યારે જ્ઞાન બધાંને જાણે છે. વચ્ચે અધૂરી પર્યાય આવે, શુભભાવ આવે તેને જ્ઞાન જાણે છે અને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે.

સ્વાનુભૂતિ વધી જાય તો તેને મુનિદશા આવે છે. મુનિદશામાં વારંવાર આત્મામાં

**વ્રતનો વિકલ્પ એ જૈન ધર્મ જ નથી.**

લીનતા થાય છે. તેમ કરતાં કરતાં એટલી સ્થિરતા વધી જાય કે પૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અનાદિકાળથી હું પરનું કરી શકું છું એવી ભ્રમબુદ્ધિ છે, પરંતુ બીજાનું કરી શકતો નથી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેમાં દ્રવ્ય–ગુણ તો શાશ્વત છે ને પર્યાય પલટે છે. તો તે પોતાની પર્યાયને પલટાવી શકે છે અર્થાત્ વિભાવ પર્યાયમાંથી સ્વભાવ પર્યાય પ્રગટ કરી શકે છે, પણ બીજાનું તો કાંઈ પલટાવી શકતો નથી. માત્ર કર્તાબુદ્ધિ–અજ્ઞાનતાથી કહે છે કે આ હું કરું છું. વિકલ્પ પણ પોતાનો સ્વભાવ નથી, છતાં અજ્ઞાનદશામાં તેમાં જોડાયા કરે છે. જો ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો સ્વસન્મુખ થાય અને સ્વાનુભૂતિ પ્રગટ થાય. ખરું તો એ કરવાનું છે. ગુરુદેવે માર્ગ બહુ સ્પષ્ટ કરીને બતાવ્યો છે. શાસ્ત્રોના બધાં ઉકેલ ગુરુદેવે કરી દીધા છે.

## અનુભૂતિનો સરળ માર્ગ

માર્ગ એક જ છે. જ્ઞાયકને ઓળખ, જ્ઞાયક તરફ જા, ભેદજ્ઞાન કર, દ્રવ્યદૃષ્ટિ કર, બસ! આ એક જ અનુભૂતિનો માર્ગ છે. ગુરુદેવે આ જ માર્ગ બતાવ્યો છે. જેવા અરિહંત ભગવાનનાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેવા જ તારાં છે. તારે શક્તિરૂપે છે, ભગવાને તે વ્યક્ત કર્યા છે. તે સ્વભાવને ઓળખ. દ્રવ્ય તો અનાદિ-અનંત જેવું ભગવાનનું છે તેવું તારું છે, શુદ્ધતાથી ભરેલું છે પણ તને તેનું ભાન નથી. તું તેનું જ્ઞાન કર, તે તરફની પરિણતિ કર, વિચાર કર, ચિંતવન કર, તે તને સાધન થશે.

હું પરદ્રવ્યનું કરી શકું છું, પરપદાર્થ મારામાં કરી દે છે એવી તને પર સાથેની જે એકત્વબુદ્ધિ થઈ રહી છે તેને તોડ. તું તો જ્ઞાયક છો, જ્ઞાતા છો. તારી દૃષ્ટિ ફેરવી નાખ, ચૈતન્ય તરફ લગાવી દે. તેના માટે વારંવાર ઊંડો અભ્યાસ કર. તે એક જ માર્ગ છે.

*

**સૂચના :** **(૧) આપ સદસ્ય શુલ્ક મોકલતી વખતે આપનો મોબાઈલ નંબર તેમજ E-Mail ID જરૂર નીચેના એડ્રેસ ઉપર મોકલવા.**

**(૨) જૂના સદસ્યોએ પોતાના મોબાઈલ નંબર તેમજ** E-Mail ID **જરૂર નીચેના એડ્રેસ ઉપર મોકલી આપવા.**

Address : **Prasham Jitubhai Modi**
**``Krambaddh Nivas'', 45, Kahan Nagar Society**
**SONGADH-364250 Mo : 097228 33143**

**દાનરાશિ તથા લવાજમ મોકલવા માટે**

**Shree Veer Kund-Kund Kahan Nihal Sogani Trust**
**Bank Of India, MUMBAI**
**Current A/c No. 000520110000564 IFS CODE BKID0000005**

# ક્રમબદ્ધ : અકર્તાદૃષ્ટિની ઉપલબ્ધિ

## (૧) અલૌકિક ગાથા ને અલૌકિક ટીકા!

આ અલૌકિક ગાથાઓ છે અને અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા પણ એવી જ અલૌકિક કરી છે. ટીકામાં ક્રમબદ્ધપર્યાયની વાત કરીને તો આચાર્યદેવે જૈનશાસનનો નિયમ અને જૈનદર્શનનું રહસ્ય ગોઠવી દીધું છે. ભગવાનઆત્માનો જ્ઞાયકસ્વભાવ છે, તે તો જ્ઞાતા-દૃષ્ટાપણાનું જ કાર્ય કરે છે. ક્યાંય ફેરફાર કરે એવો તેનો સ્વભાવ નથી ને રાગને પણ ફેરવવાનો તેનો સ્વભાવ નથી, રાગનો પણ તે જ્ઞાયક જ છે. જીવ ને અજીવ બધાં પદાર્થોની ત્રણે કાળની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, આત્મા તેનો જ્ઞાયક છે. આવો જ્ઞાયક આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

## (૨) જીવ-અજીવનાં ક્રમબદ્ધ પરિણામ અને આત્માનો જ્ઞાયક સ્વભાવ!

આચાર્યદેવ કહે છે કે ''પ્રથમ તો'' એટલે કે સૌથી પહેલાં એ નિર્ણય કરવો કે જીવ ક્રમબદ્ધ-ક્રમનિયમિત એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો અજીવ જ છે, જીવ નથી! જુઓ, આ મહા સિદ્ધાંત! જીવ કે અજીવ દરેક વસ્તુમાં ક્રમબદ્ધપર્યાય થાય છે, તેમાં આડુંઅવળું થતું જ નથી.

છએ દ્રવ્યોમાં તેની ત્રણ કાળની દરેક પર્યાયનો સ્વકાળ નિયમિત છે. જગતમાં અનંત જીવો છે ને જીવ કરતાં અનંતગુણા અજીવ છે, તે બધાંય દ્રવ્યો પોતપોતાના ક્રમ નિયમિત પરિણામે ઊપજે છે. જે સમયે જે પર્યાયનો ક્રમ છે તે એક સમય પણ આગળ પાછળ ન થાય. ૧૦૦ નંબરની જે પર્યાય હોય તે ૯૯ નંબર ન થાય તેમ જ ૧૦૦ નંબરની પર્યાય ૧૦૧મા નંબરે પણ ન થાય. આ રીતે, દરેક પર્યાયનો સ્વકાળ નિયમિત છે ને બધાય દ્રવ્યો ક્રમબદ્ધપર્યાયે પરિણમે છે. પોતાના સ્વભાવનો નિર્ણય થયો ત્યાં ધર્મી જાણે છે કે હું તો જ્ઞાયક છું, હું કોને ફેરવું? એટલે ધર્મીને પરને ફેરવવાની બુદ્ધિ નથી, રાગને પણ ફેરવવાની બુદ્ધિ નથી; તે રાગનો પણ જ્ઞાયક જ રહે છે.

## (૩) સર્વજ્ઞ ભગવાન 'જ્ઞાપક' છે, 'કારક' નથી!

પહેલાં તો એમ નિર્ણય કરવો જોઈએ કે આ જગતમાં એવા સર્વજ્ઞ ભગવાન છે કે જેમને આત્માનો જ્ઞાનસ્વભાવ પૂર્ણ ખીલી ગયો છે અને મારો આત્મા પણ એવો જ

જ્ઞાનસ્વભાવી છે. જગતના બધાય પદાર્થો ક્રમબદ્ધપર્યાયપણે પરિણમે છે, પદાર્થના ત્રણ કાળની પર્યાયનો ક્રમ નિશ્ચિત છે; સર્વજ્ઞદેવે ત્રણ કાળ, ત્રણ લોકની પર્યાયો જાણી છે. સર્વજ્ઞે જાણ્યું તે ફરે નહીં છતાં પણ સર્વજ્ઞદેવે જાણ્યું માટે તેવી અવસ્થા થાય છે-એમ પણ નથી. સર્વજ્ઞ ભગવાન તો જ્ઞાપકપ્રમાણ છે, તે કાંઈ પદાર્થોના કારક નથી. કારકરૂપે તો પદાર્થ પોતે જ છે. દરેક પદાર્થ પોતે જ પોતાના છ કારકરૂપે થઈને પરિણમે છે.

## (૪) ક્રમબદ્ધપર્યાયના ભણકાર!

આચાર્યદેવ પહેલેથી જ ક્રમબદ્ધપર્યાયના ભણકારા મૂકતા આવ્યા છે.

'જીવ પદાર્થ કેવો છે' તેનું વર્ણન કરતાં બીજી ગાથામાં કહ્યું હતું કે ''ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ-પર્યાયો અંગીકાર કર્યા છે''. પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે એમ કહીને ત્યાં જીવની ક્રમબદ્ધપર્યાયની વાત બતાવી દીધી છે.

ત્યાર પછી, ૬૨મી ગાથામાં કહ્યું કે ''વર્ણાદિભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ (અર્થાત્ પર્યાયો) વડે પુદ્ગલદ્રવ્યની સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદત્મ્ય જાહેર કરે છે.'' અહીં અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ' પામવાનું કહીને અજીવની ક્રમબદ્ધપર્યાય બતાવી દીધી છે.

કર્તાકર્મ અધિકારમાં પણ ગા. ૭૬-૭૭-૭૮મા પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય—એમ ત્રણ પ્રકારના કર્મની વાત કરીને ક્રમબદ્ધપર્યાયની વાત ગોઠવી દીધી છે. 'પ્રાપ્ય' એટલે, દ્રવ્યમાં જે સમયે જે પર્યાય નિયમિત છે તે ક્રમબદ્ધપર્યાયને તે સમયે તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે—પહોંચી વળે છે, તેથી તેને 'પ્રાપ્ય કર્મ' કહેવાય છે.

## (૫) જ્ઞાયકસ્વભાવ સમજે તો ક્રમબદ્ધપર્યાય સમજાય!

જુઓ, આમાં જ્ઞાયકસ્વભાવ તરફથી લેવાનું છે. જ્ઞાયક તરફથી લ્યે તો જ આ ક્રમબદ્ધપર્યાયની વાત યથાર્થ સમજાય તેવી છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્માને માટે સમજવા માંગતો હોય તેને આ વાત યથાર્થ સમજાય તેવી છે. બીજા ધીઠાઈવાળા જીવો તો આ સમજ્યા વિના ઊંધું લ્યે છે ને જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધપર્યાયના નામે પોતાના સ્વછંદને પોષે છે. જેને જ્ઞાનની શ્રદ્ધા નથી, કેવળીની પ્રતીત નથી, અંતરમાં વૈરાગ્ય નથી, કષાયની મંદતા પણ નથી, સ્વછંદતા છૂટી નથી ને ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે છે એવા ધીઠ-સ્વછંદી જીવની અહીં વાત નથી. આ ક્રમબદ્ધપર્યાય સમજે તેને સ્વછંદ રહે જ નહિ, તે તો જ્ઞાયક થઈ જાય. ભગવાન!

ક્રમબદ્ધપર્યાય સમજાવીને અમે તો તને તારા જ્ઞાયક આત્માનો નિર્ણય કરાવવા માંગીએ છીએ અને આત્મા પરનો અકર્તા છે એ બતાવવા માંગીએ છીએ. જો તારા જ્ઞાયક-સ્વભાવનો નિર્ણય ન કર તો તું ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી.

જીવ ને અજીવ બધાં પદાર્થોની ત્રણે કાળની પર્યાયો ક્રમબદ્ધ છે, તે બધાંને જાણ્યું કોણે?—સર્વજ્ઞદેવે.

''સર્વજ્ઞદેવે આમ જાણ્યું'' એમ સર્વજ્ઞતાનો નિર્ણય કોણે કર્યો?–પોતાની જ્ઞાનપર્યાયે.

વર્તમાન જ્ઞાનપર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તેણે સર્વજ્ઞતાનો નિર્ણય કોની સામે જોઈને કર્યો?–જ્ઞાનસ્વભાવની સામે જોઈને તે નિર્ણય કર્યો છે.

આ રીતે, જે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ કરે છે તેને જ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે અને તે જીવ પરનો ને રાગનો અકર્તા થઈને જ્ઞાયકભાવનો જ કર્તા થાય છે. આવા જીવને જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પુરુષાર્થ, સ્વકાળ વગેરે પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

## (૬) આમાં જ્ઞાયકસ્વભાવનો પુરુષાર્થ છે તેથી આ નિયતવાદ નથી!

શ્રોતા :–ગોમ્મટસારમાં તો નિયતવાદીને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–ગોમ્મટસારમાં જે નિયતવાદ કહ્યો છે તે તો સ્વછંદીનો છે. જે જીવ સર્વજ્ઞને માનતો નથી, જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતો નથી, અંતરમાં વળીને સમાધાન કર્યું નથી, વિપરીત ભાવોના ઉછાળા પણ ઓછા કર્યા નથી, 'જેમ થવાનું હશે તેમ થશે' એમ કહીને માત્ર સ્વછંદી થાય છે અને મિથ્યાત્વને પોષે છે એવા જીવને ગોમ્મટસારમાં ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. પરંતુ, જ્ઞાનસ્વભાવના નિર્ણય પૂર્વક જો આ ક્રમબદ્ધપર્યાયને સમજે તો જ્ઞાયકસ્વભાવ તરફના પુરુષાર્થ વડે મિથ્યાત્વ ને સ્વછંદ છૂટી જાય.

## (૭) ભયનું સ્થાન નહિ પણ ભયના નાશનું કારણ!

શ્રોતા :–ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા જતાં ક્યાંક સ્વછંદી થઈ જવાશે–એવો ભય છે, માટે એવા ભયસ્થાનમાં શા માટે જવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :–અરે ભાઈ! ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો એટલે તારા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. તે કાંઈ ભયનું કારણ નથી, તે તો સ્વછંદના નાશનું ને નિર્ભય થવાનું કારણ છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર હું પરને ફેરવી દઉં–એવી

કર્તાબુદ્ધિથી સ્વચ્છંદી થઈ રહ્યો છે તેને બદલે, પદાર્થોની પર્યાય તેના પોતાથી જ ક્રમબદ્ધ થાય છે, હું તેનો કર્તા કે ફેરવનાર નથી, હું તો જ્ઞાયક છું—એવી પ્રતીત થતાં સ્વચ્છંદ છૂટીને સ્વતંત્રતાનું અપૂર્વ ભાન થાય છે. આ ક્રમબદ્ધપર્યાયની સમજણ તે ભયનું સ્થાન નથી, ભય તો મૂર્ખાઈ અને અજ્ઞાનમાં હોય. આ ભયના ને સ્વચ્છંદના નાશનું કારણ છે.

## (૮) જ્ઞાયકપણું તે જ આત્માનો પરમસ્વભાવ છે!

આત્મા જ્ઞાયક વસ્તુ છે, જ્ઞાન જ તેનો પરમસ્વભાવ છે. 'જ્ઞાયકપણું' આત્માનો પરમભાવ છે, તે સ્વ-પરના જ્ઞાતાપણા સિવાય બીજું શું કરે? જેમ 'છે' ને જેમ 'થાય છે' તેનો તે જાણનાર છે. દ્રવ્ય અને ગુણ તે ત્રિકાળ સત્ ને પર્યાય તે એક સમયનું સત્! તે સત્‌નો આત્મા જાણનાર છે પણ કોઈ પરનો ઉત્પન્ન કરનાર, નાશ કરનાર કે તેમાં ફેરફાર કરનાર નથી. જો ઉત્પન્ન કરવાનું, નાશ કરવાનું કે ફેરફાર કરવાનું માને તો ત્યાં જ્ઞાયકભાવપણાની પ્રતીતિ રહેતી નથી એટલે જ્ઞાનસ્વભાવને જે નથી માનતો તે પરમાં ફેરફાર કરવાનું માને છે, તેને જ્ઞાયકપણું નથી રહેતું પણ મિથ્યાત્વ થઈ જાય છે.

## (૯) 'રોગચાળો' નહિ પણ વીતરાગનું કારણ!

કેટલાક કહે છે કે 'અત્યારે ક્રમબદ્ધપર્યાયનો રોગચાળો ફેલાયો છે'. અરે ભાઈ! ક્રમબદ્ધપર્યાયની પ્રતીત તે તો વીતરાગતાનું કારણ છે. જે વીતરાગતાનું કારણ છે તેને તું રોગચાળો કહે છે? ક્રમબદ્ધપર્યાય ન માનો તો કોઈ વસ્તુ જ રહેતી નથી. ક્રમબદ્ધપર્યાયપણું તે તો વસ્તુનું સ્વરૂપ છે, તેને રોગચાળો કહેવો એ તો મહા વિપરીતતા છે. દ્રવ્ય સમયે સમયે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એવો તેનો ધર્મ છે. ક્રમબદ્ધપર્યાયમાં જે સમયે પર્યાયનો સ્વકાળ છે તે સમયે દ્રવ્ય તે જ પર્યાયને દ્રવે છે–પ્રવહે છે, એવો જ વસ્તુસ્વભાવ છે ને પોતાનો જ્ઞાયકસ્વભાવ છે. આવા સ્વભાવને માનવો તે રોગચાળો નથી પરંતુ આવા વસ્તુસ્વભાવને ન માનતાં ફેરફાર કરવાનું માનવું તે મિથ્યાત્વ છે ને મિથ્યાત્વ તે જ મોટો રોગચાળો છે.

## (૧૦) અમુક પર્યાયો ક્રમે ને અમુક પર્યાયો અક્રમે–એમ નથી!

દરેક દ્રવ્યની ત્રણ કાળની પર્યાયોમાં ક્રમબદ્ધપણું છે. તેને જે ન માને તે સર્વજ્ઞતાને માનતો નથી, આત્માના જ્ઞાનસ્વભાવને માનતો નથી; કેમ કે આત્માના જ્ઞાનસ્વભાવની જો યથાર્થ પ્રતીતિ કરે તો તેમાં ક્રમબદ્ધપર્યાયની પ્રતીત પણ જરૂર આવી જાય છે.

અહીં ક્રમબદ્ધપર્યાય કહેવાય છે તેમાં અનાદિ-અનંતકાળની બધી પર્યાયો સમજી લેવી. દ્રવ્યની અમુક પર્યાયો ક્રમબદ્ધ થાય ને અમુક પર્યાયો અક્રમે થાય–એમ એ ભાગલા

નથી. કોઈ એમ કહે કે અબુદ્ધિપૂર્વક પર્યાયો તો જ્ઞાનમાં પકડાતી નથી એટલે તે તો ક્રમબદ્ધ થાય પરંતુ બુદ્ધિપૂર્વકની પર્યાયોમાં ક્રમબદ્ધપણું લાગુ ન પડે, તે તો અક્રમે પણ થાય—એ વાત સાચી નથી. અબુદ્ધિપૂર્વકની કે બુદ્ધિપૂર્વકની કોઈપણ પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. જડ ને ચેતન બધાં દ્રવ્યોની બધી પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે. વળી, કોઈ એમ કહે કે ''ભૂતકાળની પર્યાયો તો થઈ ગઈ એટલે તેમાં હવે કાંઈ ફેરફાર ન થઈ શકે, પરંતુ ભવિષ્યની પર્યાયો હજી થઈ નથી એટલે તેના ક્રમમાં ફેરફાર કરી શકાય.''–આમ કહેનારને પણ પર્યાયનો ક્રમ ફેરવવાની બુદ્ધિ છે, તે પર્યાયબુદ્ધિ છે. આત્મા જ્ઞાયક છે એની પ્રતીત કરવાની આ વાત છે. જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરે તો 'મેં આનું કામ કર્યું ને આનું આમ કર્યું ને આનું આમ ન થવા દીધું' એવી કર્તાબુદ્ધિની બધી વિપરીત માન્યતાઓનો ભૂક્કો ઊડી જાય છે ને એકલું જ્ઞાયકપણું રહે છે.

## (૧૧) આવી સત્ય વાતના શ્રવણની પણ દુર્લભતા!

હજી કેટલા જીવોએ તો આ વાત સત્સમાગમે યથાર્થપણે સાંભળી પણ નથી. 'હું જ્ઞાન છું. જગતની દરેક વસ્તુ પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે, તેનો હું જાણનાર છું પણ કોઈનો કાંય ફેરવનાર હું નથી'—આવું યથાર્થ સત્ય સત્સમાગમે સાંભળીને જેણે જાણ્યું પણ નથી, તેને અંતરમાં તેની સાચી ધારણા ક્યાંથી હોય? અને ધારણા વિના તેની યથાર્થ રુચિ અને પરિણમન તો ક્યાંથી થાય? અત્યારે આ વાત બીજે સાંભળવા મળતી નથી. આ વાત સમજીને તેનો યથાર્થ નિર્ણય કરવા જેવો છે.

## (૧૨) ક્રમ અને તે પણ નિશ્ચિત!

''**जीवो हि तावत्क्रमनियमितात्मपरिणाममैरुत्पद्यमनो जीव एव, नाजीव....**'' આ મૂળ ટીકા છે, તેનો હિંદી અર્થમાં જયચંદ્રજી પંડિતે એમ લખ્યું છે કે—**'जीव प्रथम ही क्रमकर निश्चित अपने परिणामों कर उत्पन्न हुआ जीव ही है, अजीव नहीं है.'** ક્રમ તો ખરો અને તે પણ નિયમિત! એટલે કે આ દ્રવ્યમાં આ સમયે આવી જ પર્યાય થશે એ પણ નિશ્ચિત છે.

કોઈ એમ કહે કે 'પર્યાય ક્રમબદ્ધ છે એટલે કે તે એક પછી એક ક્રમસર થાય છે—એ ખરું, પણ ક્યા સમયે કેવી પર્યાય થશે તે નિશ્ચિત્ નથી'—તો એ વાત સાચી નથી. ક્રમ અને તે પણ નિશ્ચિત છે. ક્યા સમયની પર્યાય કેવી થવાની છે તે પણ નિશ્ચિત છે. જો એમ ન હોય તો સર્વજ્ઞે જાણ્યું શું? અહો! આ ક્રમબદ્ધપર્યાયની વાત જેની પ્રતીતમાં આવે તેને જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ થઈને મિથ્યાત્વનો ને અનંતાનુબંધી કષાયનો નાશ થઈ જાય; તેને સ્વછંદતા ન થાય પણ સ્વતંત્રતા થાય. *(ક્રમશઃ)*

**પર્યાયનો ક્રમ ફેરવવાની બુદ્ધિ છે તે પર્યાયબુદ્ધિ છે.**

# કારણશુદ્ધપર્યાય

**શ્રોતા :—આપ કારણશુદ્ધપર્યાયનો ઘણોઘણો મહિમા કરો છો, પરંતુ અમારે તે શું ઉપયોગી?**

પૂજ્ય ગુરુદેવશ્રી :—તે વર્તમાન કારણરૂપ છે, તેથી જેને વર્તમાન કાર્ય (–સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ કાર્ય) પ્રગટ કરવું હોય તેને તે ઉપયોગી છે, કેમ કે તે કારણનો આશ્રય કરતાં કાર્ય પ્રગટી જાય છે. દ્રવ્યથી તે કારણશુદ્ધપર્યાય કાંઈ જુદી નથી. દ્રવ્ય ત્રિકાળ એવું ને એવું પૂરેપુરું વર્તમાનમાં વર્તી રહ્યું છે. અરે જીવ! તું જ્યારે જો ત્યારે વર્તમાન કારણપણે પૂરું દ્રવ્ય તારી પાસે જ છે...તે તું જ છે...માત્ર તારા નયનની આળસે તેં તારા કારણને જોયું નથી તેથી જ તારું કાર્ય અટક્યું છે—હવે તો અંતરમાં નજર કરીને આ કારણને દેખ....આ કારણનો સ્વીકાર કરીને તેના આશ્રય કરતાં તારું નિર્મળકાર્ય થઈ જશે. દ્રવ્ય-ગુણનો વર્તમાન વર્તતો સ્વ-આકાર તે કારણશુદ્ધપર્યાય છે. બીજા કારણોનો આશ્રય છોડીને, આ સ્વ-આકારના સ્વીકારથી જ સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે.

**શ્રોતા :—કારણશુદ્ધપર્યાયમાં ''પર્યાય'' શબ્દ આવે છે એવી સ્થિતિમાં તે પર્યાયદૃષ્ટિનો વિષય થઈ જાય છે?**

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, 'પર્યાય' શબ્દ આવે છે તેથી એમ ન સમજવું કે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. તે પર્યાય દ્રવ્ય સાથે સદા તન્મયપણે વર્તતી થકી દ્રવ્યદૃષ્ટિના વિષયમાં સમાય છે. ત્રિકાળી આખા દ્રવ્યનો એક વર્તમાન ભેદ હોવાથી તેને માટે 'પર્યાય' શબ્દ વાપર્યો છે ને વર્તમાન કાર્ય (મોક્ષમાર્ગ) કરવા માટે તેનું વર્તમાન કારણ બતાવ્યું છે. આ કારણ ઉપર જેની દૃષ્ટિનું જોર છે તેને સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે.

**શ્રોતા :—કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય ક્યા નયનો વિષય છે?**

પૂજ્ય ગુરુદેવશ્રી :—કારણશુદ્ધપર્યાય સહજશુદ્ધનિશ્ચયનયનો વિષય છે ને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

**શ્રોતા :—કેવળજ્ઞાનાદિની શુદ્ધપર્યાયોને નિરપેક્ષ કહી અને કારણશુદ્ધપર્યાયને પણ નિરપેક્ષ કહી–તો બંને પ્રકારના નિરપેક્ષોમાં શું તફાવત છે?**

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી જે કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટી તે પણ સ્વભાવપર્યાય છે અને તેને ઈન્દ્રિયો વગેરેની અપેક્ષા નથી તે અપેક્ષાએ તેને નિરપેક્ષ કહેવાય, પરંતુ કર્મના ક્ષય સાથે તેને નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ છે, એટલી અપેક્ષા તેનામાં આવે છે; ત્યારે આ કારણશુદ્ધપર્યાયમાં તો કર્મ સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધની પણ અપેક્ષા નથી, તે તો દ્રવ્ય સાથે ત્રિકાળ નિરપેક્ષપણે વર્તે છે!

**ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતા કર્તાબુદ્ધિનું ખોટું અભિમાન ઊડી જાય છે.**

# પર્યાયદૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ

(શ્રી નિયમસાર, ગાથા-૪૮ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીવના પ્રવચનનો અંશ)

મિથ્યાદૃષ્ટિને શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના હંમેશા હોય છે. મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે આ શુદ્ધ-અશુદ્ધ પર્યાયના ભેદ એ હું છું. એ પર્યાયબુદ્ધિની એવી વાત કરે છે કે હું પર્યાયે–સંસારદશાએ અશુદ્ધ છું અને પર્યાયે શુદ્ધ થઈશ. એવો એક દ્રવ્યમાં જે ભેદ પાડે છે એ પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે.

અજ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર નથી તો અજ્ઞાની વિકલ્પમાં અને પર્યાયમાં હું અશુદ્ધ છું અને પર્યાયે હું શુદ્ધ થઈશ એમ પર્યાય ઉપર જ એની દૃષ્ટિ હોય છે. પર્યાય ઉપર દૃષ્ટિને કારણે વિપરીત માન્યતા છે અને વિપરીત માન્યતાને કારણે મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :–એમાં દ્રવ્ય શુદ્ધ છે એમ ન આવ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :–એમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ જ ન ગઈ. પર્યાય અશુદ્ધ છે અને એ અશુદ્ધતા નીકળીને શુદ્ધતા થશે. આમ, દૃષ્ટિ પર્યાયમાં ને પર્યાયમાં જ છે. સમજાણું કાંઈ ? આકરું પડે એવું છે.

અહીં તો કહે છે કે પર્યાયના અંશ ઉપર, આ અશુદ્ધ છે અને આ અશુદ્ધ અંશ ટળશે તો શુદ્ધતા પ્રગટ થશે એમ એની દૃષ્ટિ પર્યાય ઉપર–અંશ ઉપર જ રહે છે. આખું દ્રવ્ય જે ચિદાનંદ ચોસલું પડ્યું છે અખંડાનંદ એનો અનાદર થઈ ગયો. આહાહા.... ! સમજાણું કાંઈ ? અવગુણ પોતાના નથી. અવગુણ જોશે કોણ? દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે અવગુણની પર્યાયનું જ્ઞાન કરે છે, બસ.

દ્રવ્ય તો ત્રિકાળી આનંદકંદ ધ્રુવ છે, એની ઉપર તો અજ્ઞાનીની દૃષ્ટિ જ નથી અને પર્યાયના અંશ ઉપર જ એનો ખદબદાટ છે. પર્યાયમાં ઊભો રહીને–અવસ્થામાં ઊભો રહીને આ અશુદ્ધ છે અને પછી શુદ્ધ થશે એમ વિચાર્યા કરે છે તો એ પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા... ! જે હજી પર્યાયના ભેદમાં પડ્યો છે એ આખું દ્રવ્ય ચૂકી જાય છે, એ પર્યાયબુદ્ધિ બહિરાત્મા છે. આહાહા... !

શુભાદિ વર્તમાન વિકલ્પ આવ્યો કે હું આવો છું, આવો છું–એવા વિકલ્પમાં વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્ય સ્વભાવમાં વર્તે એ સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા... ! ભારે કામ, ભાઈ ! અંતર-બાહ્ય જલ્પમાં વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. તો શું સમકિતીને જલ્પ નથી ? સમકિતી જલ્પમાં વર્તતા નથી પણ સમકિતી જ્ઞાનમાં વર્તે છે. સમકિતી જલ્પનું જ્ઞાન કરે છે. આહાહા... ! સમજણું કાંઈ ? રાગમાં વર્તે છે, વર્તનમાં-પરિણામમાં પડ્યો છે એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ તો આસ્રવમાં વર્તે છે, એ આત્મસ્વભાવ નથી, એનાથી વિરુદ્ધભાવ છે.

શ્રોતા :-તો શું સમકિતીને, મુનિને વિકલ્પ હોય જ નહીં?

પૂજ્ય ગુરુદેવશ્રી :-અરે ! સાંભળ તો ખરો. મુનિને અઠ્યાવીસ મૂળગુણ અને મહાવ્રતના વિકલ્પ હોય છે, પણ એ વિકલ્પમાં જ્ઞાની વર્તતા નથી. આહાહા... ! વિકલ્પમાં-આસ્રવમાં વર્તે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

મિથ્યાદૃષ્ટિ હંમેશા વિપરીત માન્યતા એટલે કે અંશબુદ્ધિમાં રહીને અંશની કલ્પનામાં વર્તે છે. કેમ કે વસ્તુ દ્રવ્ય છે એ તો દૃષ્ટિમાં આવ્યું નથી. તેથી તો પર્યાયમાં એવી કલ્પના કર્યા કરે છે કે આ અશુદ્ધ છે અને શુદ્ધ થશે. એ તો પર્યાયમાં ઊભો રહીને બધી વાત વિચારે છે, કરે છે, એ તો પર્યાયબુદ્ધિ છે. એ મિથ્યાબુદ્ધિ અંશબુદ્ધિમાં આખા દ્રવ્યનો અભાવ કરે છે. ચાહે તો વ્રત, તપ, દયા, દાન, ભક્તિ કરે અને મૌન રહે પણ એને અંદરમાં રાગનો જ આશ્રય છે અને રાગ ઉપર જ એની બુદ્ધિ છે. આહાહા.... ! સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને નિરંતર વિકલ્પમાં વર્તના નથી. એ અંશમાં ઊભો છે તો એ અંશબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, પરસમય થયો.

---

## અમને આવડે છે એમ રહેવા દે, બાપુ !

ભાઈ ! બહુ અસ્થિરતા લાગે છે હોં ! આમથી આમ જોયા કરો છો. અમે સમજી ગયા છીએ એમ ધારીને આમ ન કરવું. એમ સમજવું. એમ ન સમજવું કે અમને હવે કહેતા-સમજાવતા આવડી ગયું છે. સાંભળવામાં પણ ધ્યાન રાખવું જોઈએ. અત્યારે આવું બહું થઈ ગયું છે. જગતને આ પચ્યું નથી. સમજાણું કાંઈ ?

જ્યાં ધર્માત્માની વાત ચાલે ત્યાં બીજા સામું જોવું ને આમ આમ જોયા કરવું એ ન્યાયથી બિલકુલ વિરુદ્ધ છે. અહીં જે વાત ચાલે છે એ આપણને આવડે છે એમ ધારીને ધ્યાન ન આપવું. એમ ન હોય. શ્રીમદ્ કહે છે કે તને આવડતું હોય તો હું કહું છું કે આ શબ્દને ફરી ફરી સાંભળ અને વિચાર. આ સમય કોઈ બીજી જાતનો સમય છે. એમ કહીને સત્યનો વિનય કરાવે છે. અસત્યનો જે આદર છે અને સત્‌નો અનાદર છે એ અંદર મહાદોષ છે. લોકોને એની ખબર નથી પડતી ભાઈ ! આહાહા... ! શું નીકળે છે અને કેમ છે એ અમને આવડે છે, એ અમને આવડે છે અને એ તો અમે ધાર્યું છે એમ રહેવા દે ભાઈ ! સમજાણું કાંઈ ?

**-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

**ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવ માટે આ ભવ નથી.**

# ભવ્યજીવના વ્રત, તપ પણ મુક્તિનું કારણ નથી.

....એમ આવે છે કે અભવી ભોગોને માટે વ્રતાદિ પાળે છે અને ભવી અશરીરી થવા માટે વ્રતાદિ પાળે છે, પણ વાત તો એમ છે કે જેમ અભવીને વ્રતાદિથી મુક્તિ થતી નથી તેમ ભવીને પણ વ્રતાદિથી મુક્તિ થતી નથી. જેમ ખેડૂત અનાજને જમીન ઉપર નાખે છે, એ માટે નહીં કે એ બેકાર છે, પણ એ માટે નાખે છે કે એમ કરવાથી બમણું થઈને અનાજ મળે. એ પ્રકારે અભવી મુનિ પણ વર્તમાન ભોગોનો ત્યાગ કરે છે, એ વૈરાગ્યથી નહીં પણ હું માનવ ઉચિત ભોગને છોડીશ તો મને સ્વર્ગના ભોગ પ્રાપ્ત થશે એ માટે. ભવ્યજીવ સ્વયં અશરીરી થવા માટે વ્રત ધારણ કરે છે પણ એમ થતું નથી.

અહીં એમ કહેવું છે કે જિનવરે કહેલાં જેટલા વ્રત, તપ આદિ શુભભાવ અજ્ઞાની-ભવી, અભવી-કરે છે એનો અર્થ એમ કે રાગનો અનુભવ વર્તમાનમાં છે અને રાગના અનુભવ માટે કરે છે. સ્વભાવનો અનુભવ નથી, રાગનો અનુભવ છે એ રાગના અનુભવમાં જ રહ્યા કરે છે, એ રાગના અનુભવ માટે જ કરે છે.

અહીં તો કહે છે કે અભવી હો કે ભવી જે વ્રત, તપ, ભક્તિ કે ચાહે જે શુભભાવ કરે પણ અશરીરી ચૈતન્યની દૃષ્ટિ નથી એ કારણે વ્યવહાર છે એ નિષેધ કરવાલાયક હોવાથી આત્માને લાભદાયક નથી. અભવીનું તો દૃષ્ટાંત આપ્યું છે પણ ભવી હો કે અભવી, અશરીરી થવા માટે વ્યવહાર કે વ્રત ન હોય!

ભાઈ! જિનવરે કહેલાં વ્રત, તપ એ તો અભવી પણ અનંતવાર કરે છે, પણ એનાથી તો સ્વર્ગ મળે, મુક્તિ મળે નહીં. તું પણ જો એમ કરીશ તો તને પણ સ્વર્ગ જ મળશે, સંસાર જ મળશે, મુક્તિ મળશે નહીં. આહાહા...હા...!

અહીં તો કહે છે કે ભાઈ ! આત્મા અંદર ત્રિકાળ શુદ્ધ છે. એમાં વ્રતનો વિકલ્પ પણ નથી અને અવ્રતનો વિકલ્પ પણ નથી. આહાહા... ! એવા શુદ્ધ ભગવાનઆત્માની અંતરદૃષ્ટિ કરવી, આશ્રય કરવો એનું નામ સમ્યગ્દર્શન અને એ ધર્મની પહેલી ભૂમિકા છે. સમજાણું કાંઈ ?

(પ્રવચનમાં)....પહેલાં બે મિનિટ વહેલાં આવવું જોઈએ. (મોડા આવો તો) વચ્ચે ગડબડ થાય ને? આ તો ધર્મકથા છે. સમજાણું કાંઈ ? આ ધર્મકથા છે, એની શરૂઆત થાય તે પહેલાં આવવું જોઈએ. જેને આવવાનું હોય એને, ન આવવું હોય તેને કાંઈ નહીં. કારણ કે આ કથા કાંઈ બીજી નથી, આ તો આત્માની કથા છે. આ વાત અલૌકિક છે. સમજાણું કાંઈ ?

**-પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**



# પૂજ્ય સોગાનીજીના વચનામૃત

* પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્ર વાચતા સમયે કહ્યું કે જેમ વેપારમાં ચોપડાના પાના ફેરવે છે, તેવા જ આ પાના છે, કોઈ ફર્ક નથી. જો આ તરફની દૃષ્ટિ નથી, તો બંને સમાન છે. ૬૧.

* તીર્થંકર-યોગ અને વાણી મળી, તો ઠીક છે, ભવિષ્યમાં પણ આ જ ભાવથી મળશે આમ તેમાં હોંશ (ઉત્સાહ-રસ) આવે છે તો તેનાથી ક્યારે છૂટશે? લાભ માને છે તો કેમ છોડશે? એનાથી (આવા ભાવથી) નુકશાન જ છે, લાભ નથી. લાભ તો પોતાનાથી જ છે, વર્તમાનથી જ, પોતાથી જ લાભ છે-એવું જોર નહીં હોય, તો પરમાં અટકી જશે. ૬૨.

* પ્રશ્ન : આત્માનુભવ થયા પછી, જ્ઞાની જીવ ન્યાય-નીતિથી, ધનાદિની પ્રવૃત્તિ કરે છે ને ?

ઉત્તર : કરવું-ધરવું રહ્યું નથી. જે પર્યાય આવવાવાળી છે તે યોગ્યતાનુસાર આવી જાય છે, પરંતુ તે તરફ તેનું લક્ષ નથી, લક્ષ તો આ તરફનું છે. અંતરમાં એકત્વ થયું તો પરિણામ મર્યાદિત થઈ જાય છે. પરંતુ મર્યાદિત જ હોય છે-થાય છે એમ કહેવાથી તેની દૃષ્ટિમાં પરિણામને મર્યાદામાં રાખવાનો જ પ્રયત્ન રહે છે; અર્થાત્ પરિણામને જ જોતો રહે છે અને પરિણામની મર્યાદાને જોતાં રહેવાથી, અપરિણામીનું જોર છૂટી જાય છે એ માટે જ કહે છે કે જે પરિણામ થવાવાળા છે તે થઈ જાય છે. ૬૩.

* તીવ્ર તૃષા(જિજ્ઞાસા) લાગવી જોઈએ. તરસ લાગે તો ગમે તેમ કરીને છીપાવવાનો પ્રયત્ન કર્યા વિના રહે જ નહીં. ૬૪.

* પ્રશ્ન : અનુભવ માટે વિચાર-મનન-ઘૂંટણમાં રહેવું જોઈએ?

ઉત્તર : પર્યાયમાં બેસીને (પર્યાયમાં 'મારાપણું' રાખીને અર્થાત્ પર્યાયમાં અસ્તિત્વની સ્થાપના કરીને) ઘૂંટણ-મનન કરવામાં, પર્યાયમાં ઠીકપણું (સંતોષ) રહે છે અને દ્રવ્યમાં બેસવાથી (દ્રવ્યમાં અસ્તિત્વ સ્થાપિત કરવાથી) ઘૂંટણ-મનન સહજ થાય છે. ઘૂંટણ આદિમાં જોર નથી રહેતું, સહજ જ થાય છે. જોર તો આ તરફનું રહે છે. પર્યાયમાં બેસીને ઘૂંટણ આદિ કરવાથી અંદરમાં આવી શકાતું નથી. ૬૫.

* મને પહેલાંથી ઈન્દ્રિય વિષયોની તરફનો રસ ન હતો અને વિકલ્પોમાં કષાયની ભઠ્ઠી સળગતી હોય એવું લાગતું હતું. આવા વેદનમાં 'તે શું છે....શું છે' એવા વિચારોની ધૂનમાં રહેતો હતો. મને શહેરના ખાસ અને પરિચિત રસ્તાઓ સિવાય કોઈ રસ્તા વગેરેની ખબર ન હતી અને કોઈ વાતનો ખ્યાલ રહેતો ન હતો. વિચારનું જોર પહેલાંથી જ હતું.

તેમાં તીક્ષ્ણતા હતી. દિગંબર શાસ્ત્રો જોયા તો ત્યાંથી નીકળ્યો અને ત્યાં ક્રિયાકાંડમાં પડ્યો, પરંતુ એમાં પણ કોઈ શાંતિ ન મળી, તે પણ છોડી દીધું. પછી 'આત્મધર્મ' જોતાં જ ચોટ લાગી અને બધી વાતો ખ્યાલમાં આવવા લાગી. (અંગત) ૬૬.

✻ બધી વાતનો મસાલો ગુરુદેવશ્રીએ તૈયાર કરી રાખ્યો છે, જેથી કોઈ વાત વિચારવી નથી પડતી. નહીં તો, સાધક હોય તો પણ (તેને) મસાલો તૈયાર કરવો પડે છે. ૬૭.

✻ પ્રશ્ન : અનુભવ થયા પછી પરિણામમાં મર્યાદા આવી જાય છે ને ? વિવેક થઈ જાય છે ને?

ઉત્તર : વિવેકની વાત એક બાજુ રાખો. એક વાર વિવેકને છોડી દો. પરિણામ માત્ર જ હું નથી. હું તો અવિચલિત ખૂંટો છું. મારામાં ક્ષણિક અસ્તિત્વ છે જ નહીં. વિવેકના બહાને પણ જીવ પરિણામમાં એકત્વ કરે છે. ૬૮.

✻ (અજ્ઞાની) કષાયની મંદતામાં થોડા વિષય છૂટે તો એમાં ઠીક માનવા લાગે છે, પરંતુ તે પણ તીવ્ર કષાય જ છે. તેમાં કષાય (રસ) ભર્યો પડ્યો છે. ૬૯.

✻ પ્રશ્ન : શરૂઆતવાળાએ અનુભવ માટે કઈ રીતે પ્રયત્ન કરવો ?

ઉત્તર : હું પરિણામ માત્ર નથી. ત્રિકાળી-ધ્રુવપણામાં અહંપણું સ્થાપી દેવું, તે જ ઉપાય છે. ૭૦.

✻ પ્રશ્ન : શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો....પ્રયત્ન કરવો, એવી વાત આવે છે ?

ઉત્તર : પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે. પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય! હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું, પ્રયત્ન શું કરું ? સહજરૂપ થાય છે. પ્રયત્ન આદિનું થવું–પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું. હું ત્રિકાળી છું એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે. ૭૧.

✻ વિચાર-મંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય ત્યારે અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા. એકદમ તીવ્ર ધગશથી અંદર ઉતરી જવું જોઈએ. ૭૨.

✻ પ્રશ્ન : રામચંદ્રજીને સીતાજી માટે લડવાનો ભાવ આવ્યો, પરંતુ ધર્મરાજ (યુધિષ્ઠિર)ને દ્રૌપદીની સાડી ખેંચાવા છતાં બચાવવાનો ભાવ ન આવ્યો, આનું શું કારણ ?

ઉત્તર : તે તો પરિણામોની યોગ્યતા જ એવી ભિન્ન ભિન્ન હોય છે. અનેક પ્રકારના કષાય ભાવોમાંથી જે થવાવાળો છે તે થાય છે. તેને કરે–છોડે શું ? સમ્યગ્દૃષ્ટિને પરિણામ-માત્રથી ભિન્નતા રહે છે. 'હું કરવાવાળો જ નથી' એમ રહેવું, તે જ ખાસ વાત છે. ૭૩

## અંતર્મુહૂર્ત પહેલાં નરકનાં પરિણામ અને અંતર્મુહૂર્ત પછી કેવળજ્ઞાન લેતાં

# શ્વેતવાહન મુનિની કથા

ચંપા નામની નગરીમાં શ્વેતવાહન રાજા રાજ્ય કરતા હતા. એક વખત ભગવાન મહાવીર સ્વામીનો ઉપદેશ સાંભળી તેમનું હૃદય વૈરાગ્યથી ભરાઈ ગયું. જેથી તેના પુત્ર વિમલવાહનને રાજ્યનો કારભાર સોંપી ઘણા રાજાઓની સાથે સંયમ ધારણ કરી લીધો. ઘણા વખત સુધી મુનિઓના સમૂહ સાથે રહીને અખંડ સંયમ સાધતાં સાધતાં અહીં બિરાજમાન થયા છે. તેને દશ ધર્મનો સદા પ્રેમ હોવાથી તેઓ ધર્મરુચિ નામથી પ્રસિદ્ધ થયા.

રાજા શ્રેણિક ભગવાનના દર્શન કરવા આવતા હતા, રસ્તામાં એક વૃક્ષ નીચે શ્વેતવાહન મુનિને દેખી નમસ્કાર કર્યા ત્યારે તેમની મુખમુદ્રા વિકૃત દેખી. તેથી ગણધર ભગવાનને શ્રેણિકે તેનું કારણ પૂછ્યું? ત્યારે ગણધર પ્રભુ કહે છે કે હે શ્રેણિક સાંભળ! આજ એ મુનિ એક મહિનાના ઉપવાસ પછી નગરમાં ભિક્ષા માટે ગયા, ત્યાં ત્રણ મનુષ્ય મળીને તેમની પાસે આવ્યા. તેમાં એક મનુષ્ય, મનુષ્યોના લક્ષણનો જાણકાર હતો, તેણે આ મુનિરાજને દેખીને કહ્યું કે આમના લક્ષણ તો સામ્રાજ્ય-પદવીનું કારણ છે પરંતુ આ તો ભિક્ષા માટે ભટકે છે, તેથી શાસ્ત્રમાં જે કહ્યું છે તે જૂઠ માલુમ પડે છે. તેના ઉત્તરમાં બીજા મનુષ્યે કહ્યું કે શાસ્ત્રમાં જે કહ્યું છે તે જુઠ નથી. આ મુનિએ તો સામ્રાજ્યનો ત્યાગ કરી મુનિ થયા છે. કોઈ કારણથી તેઓ વિરક્ત થઈને તેમણે રાજ્યનો ભાર નાનકડા બાળક ઉપર નાખી પોતે તપશ્ચરણ કરી રહ્યા છે.

આ વચન સાંભળી ત્રીજો મનુષ્ય બોલ્યો કે આમનું તપ પાપનું કારણ છે, તેથી શું લાભ છે? આ મોટો દુષ્ટ છે, તેથી દયા છોડીને લોક-વ્યવહારથી અનભિજ્ઞ અસમર્થ બાળકને રાજ્યભાર સોંપીને કેવળ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા અહીં તપ કરવા આવ્યો છે. મંત્રી આદિ બધા લોકોએ બાળકને સાંકળથી બાંધીને રાજ્યનો વિભાગ કરીને પાપી લોકો ઈચ્છા અનુસાર સ્વયં તેનો ઉપયોગ કરી રહ્યા છે.

આ રીતે ત્રીજા મનુષ્યના વચન સાંભળી મુનિ સ્નેહ અને માનથી ભોજન કર્યા વિના જ નગરથી પાછા વળી વનના મધ્યમાં વૃક્ષ નીચે જઈ બેઠા. બાહ્ય કારણ મળવાથી તેમના હૃદયમાં તીવ્ર ક્રોધ કષાય ઉત્પન્ન થયો. સંકલેશ પરિણામથી અશુભ લેશ્યા વૃદ્ધિગત થઈ. જે મંત્રી આદિ પ્રતિકુળ થયા છે તેને હિંસા આદિ સર્વપ્રકારથી નિગ્રહનું ચિંતન કરવાથી સંરક્ષાનંદ નામે રૌદ્રધ્યાનમાં દાખલ થયા છે. જો હવે આગળ અંતર્મુહૂર્ત તેની આવી સ્થિતિ રહી તો તે નરક-આયુનો બંધ કરવાયોગ્ય થઈ જશે. તેથી હે શ્રેણિક! તું શીઘ્ર જા અને તેમને

(જુઓ અનુસંધાન પેઈજ નં. ૩૨ ઉપર)

# ક્રમબદ્ધના સંદર્ભમાં પુરુષાર્થ અને નિમિત્ત

કોઈપણ કાર્ય થવામાં પાંચેય સમવાયનું સંપૂર્ણ યોગદાન હોવું અનિવાર્ય છે—એવો અકાટ્ય સિદ્ધાંત નિર્વિવાદ છે, સર્વમાન્ય સિદ્ધાંત છે. તેથી, જીવના પુરુષાર્થ વિના જીવનું કોઈ કાર્ય સંભવતું નથી ને સંભવી શકે નહીં. જીવ પોતાના પુરુષાર્થ વડે પોતાના પરિણામ કરવા સંપૂર્ણ સક્ષમ છે અને તેને તેમ કરતો અટકાવવા કોઈ સમર્થ નથી તે પરમ સત્ય છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તો ક્રમબદ્ધના અકાટ્ય-અફર મહાસિદ્ધાંતનું શું? જીવના પ્રત્યેક સમયના પરિણામ તેના ક્રમબદ્ધ અનુસાર જ થાય છે, થઈ શકે છે અને તેને અન્યથા કરવા ઈન્દ્ર-નરેન્દ્ર તો સમર્થ નથી પણ સ્વયં જીવદ્રવ્ય પોતે પણ સમર્થ નથી તો પછી પુરુષાર્થનું શું? એટલે કે સમવાયની વાત કરવા જતાં પુરુષાર્થ અને ક્રમબદ્ધનો કોયડો ખડો થઈ જાય છે.

આ કોયડાને ઉકેલવા પાંચ સમવાયમાં રહેલ યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ વિશે થોડું વિચારણીય છે :-

પૂજ્ય ગુરુદેવશ્રીનો મહાન પ્રતાપ છે કે કોઈ પણ મુમુક્ષુને ભરનિદ્રામાંથી જગાડીને પણ પૂછવામાં આવે તો કહેશે કે નિમિત્ત અકિંચિત્કર છે, નિમિત્તથી કાર્ય થતું જ નથી અર્થાત્ કોઈ પણ કાર્ય થવામાં પાંચ સમવાયમાં સંમિલિત યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ હોવા છતાં નિમિત્ત અકિંચિત્કર છે. યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ વિના કાર્ય સંભવતું ન હોવા છતાં તે નિમિત્ત અકિંચિત્કર છે. ગજબ વાત છે ને! હાજરી વિના કાર્ય અસંભવિત છતાં પણ તે અકિંચિત્કર!

એક વાત ચોક્કસ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરતું નથી, કેમ કે બે દ્રવ્યો વચ્ચે વજ્રની દીવાલ છે! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી તો તેનું કાર્ય કરે શી રીતે? અર્થાત્ નિમિત્તથી અન્ય દ્રવ્યનું કાર્ય થતું જ નથી અને થઈ શકે જ નહીં. માટે, યોગ્ય નિમિત્તની હાજરી હોવા છતાં તે તે કાર્ય થવામાં નિમિત્ત અકિંચિત્કર છે તે નિર્વિવાદ છે.

જો નિમિત્ત અકિંચિત્કર જ છે તો પછી તેની ઉપસ્થિતિની અનિવાર્યતાને ગૌણ કરી દઈએ કે જાણે તેની હાજરી ન હોવા બરાબર હોય છે અર્થાત્ કોઈ પણ કાર્ય પુરુષાર્થપૂર્વક જ થાય છે અને તેમાં યોગ્ય નિમિત્ત અકિંચિત્કર હોવાથી તે નિમિત્તની ઉપસ્થિતિને ન-ગણ્ય કરી દઈએ તો શું થાય?—કે :—

પોતાના પુરુષાર્થપૂર્વક સ્વભાવના આશ્રયે જીવ સમ્યગ્દર્શનનું કાર્ય કરે છે અને તે વખતે યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિને ન-ગણ્ય કરી હોવાથી તે કાર્ય થયું તે વખતે તેની

શ્રદ્ધા-ભક્તિ કુદેવ-કુગુરુની વર્તતી હોય તોપણ સમ્યગ્દર્શનનું કાર્ય થઈ જાય અર્થાત્ વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ હોવી જરૂરી નથી, કેમ કે દેવ-ગુરુની વાણી તો નિમિત્ત છે!

અરે! સ્ત્રી-પર્યાય હોય ને સ્વભાવના આશ્રયે ઉગ્ર પુરુષાર્થપૂર્વક મોક્ષ પામી શકશે! અરે! સર્વાર્થસિદ્ધિથી સિદ્ધશીલા જરાય દૂર નથી એટલે ત્યાં રહેલો જીવ ઉગ્ર પુરુષાર્થ વડે ત્યાંથી જ મોક્ષ પામી શકશે! મનુષ્યગતિ હોવી જરૂરી નહીં રહે! અર્થાત્ ચારેય ગતિમાંથી જીવ ઉગ્ર પુરુષાર્થ વડે મુક્તિ પામી શકશે!

અરે! એ બધી સિદ્ધાંતિક વાતને બાજુમાં રાખીયે પણ સામાન્ય વ્યવહારનો વિચાર કરીએ તો, નિમિત્તની હાજરી ન-ગણ્ય કરીને સર્વથા ઉપેક્ષિત માનીયે તો, ઘરમાં ડબ્બામાં ભરેલા ચોખા રાંધેલા ચોખારૂપે પણ હોઈ શકશે! એટલે બાર માસ માટે એકીસાથે ચોખા લેવાનું જોખમ! અરે! ફ્રીઝમાંથી પીવા માટે લીધેલું પાણી ઉકળતું પાણી પણ હોઈ શકશે! એટલે ફ્રીઝ વસાવવાનું જોખમ! ગેસ ઉપર ગરમ કરવા મૂકેલું બદામ-કેસરવાળું દૂધ આઈસ્ક્રીમ પણ હોઈ શકશે! સવારે ન્હાઈને તૈયાર થવા માટે અરીસા સામે ઊભા રહીને તમારું પ્રતિબિંબ જોવા જશો ત્યાં તે પ્રતિબિંબ કોઈ અન્યનું પણ હોઈ શકશે! તારંગાથી સોનગઢ જતી ટ્રેઈનમાં બેસીને તમારી ક્રિયાવતી શક્તિ વડે તમે પહોંચી શકશો જયપુર! કારણ કે નિમિત્ત અકિંચિત્કર હોવાથી ન-ગણ્ય છે અને જીવ પોતાના પુરુષાર્થપૂર્વક કાર્ય કરવામાં સંપૂર્ણ શક્તિવાન છે એટલે નિમિત્તની હાજરીની ઐસી કી તૈસી!

આવા તો લાખો પ્રસંગો ને કાર્યો વિચારી શકાય કે નિમિત્ત અકિંચિત્કર હોવાથી તેની હાજરીને સર્વથા ઉપેક્ષિત કરવાથી શું શું થઈ જાય! પરંતુ એમાનું કશું જ સંભવતું નથી, બધું જ નિયમ અનુસાર જ સંભવતું જોવા મળે છે, કેમ કે પુરુષાર્થ વડે જ થતાં બધા કાર્યો વખતે યોગ્ય નિમિત્તની હાજરી અવશ્ય હોય જ છે એટલે કે યોગ્ય નિમિત્તની હાજરી ન હોય અને પુરુષાર્થપૂર્વક કાર્ય પરિણમે એમ બનવું અસંભવ છે, અશક્ય છે!

એકબાજુ કહીયે પુરુષાર્થપૂર્વક જ કાર્ય થાય છે અને તે કાર્ય થવામાં નિમિત્ત અકિંચિત્કર છે! અને પાછું કહો કે નિમિત્તની હાજરી ન હોય અને પુરુષાર્થપૂર્વક કાર્ય થઈ જાય એમ બનવું તદ્દન અશક્ય છે! આ તો પુરુષાર્થ ને ક્રમબદ્ધ કરતાં પણ મોટો કોયડો ખડો થઈ ગયો! પુરુષાર્થપૂર્વક કાર્ય થાય કે યોગ્ય નિમિત્તની હાજરીથી કાર્ય થાય!

યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીના યુગમાં જ્યારે તેઓશ્રીએ ઘોષણા કરી કે પુરુષાર્થપૂર્વક થતાં કાર્યમાં ઉપસ્થિત રહેલ યોગ્ય નિમિત્ત અકિંચિત્કર છે ત્યારે દિગમ્બર જૈન સમાજમાં જાણે કે ધરતીકંપ સર્જાઈ ગયો હતો! પરંતુ અંતે, વિરોધ કરનારા વિદ્વાનોએ જાહેરમાં સ્વીકાર કરવો પડ્યો કે કાનજીસ્વામી યોગ્ય નિમિત્તની હાજરીને સ્વીકારે છે પરંતુ તે નિમિત્તથી કાર્ય થતું નથી, કાર્ય તો પોત-પોતાના ઉપાદાનથી

પુરુષાર્થપૂર્વક જ થાય છે-એમ કહે છે તે પરમ સત્ય છે.

એનો અર્થ એ થયો કે કોઈ પણ કાર્ય થવામાં પોતાનો પુરુષાર્થ જ અનિવાર્ય છે; પુરુષાર્થપૂર્વક જ કાર્ય થાય છે ત્યારે ઉપસ્થિત રહેલ નિમિત્ત અકિંચિત્કર છે; તોપણ અકિંચિત્કર એવા નિમિત્તની ઉપસ્થિતિ સર્વથા અનિવાર્ય છે એટલે કે જેમ પુરુષાર્થ વિના કાર્ય સંભવતું નથી, પુરુષાર્થ અનિવાર્ય છે, તેમ યોગ્ય નિમિત્તની માત્ર ઉપસ્થિતિ વિના પણ કાર્ય સંભવતું નથી, ચાહે કરોડો ઉપાયે પુરુષાર્થ કરવામાં ભલે આવે!

સવાલ એ ખડો થાય છે કે કાર્ય થવામાં જેમ પુરુષાર્થ અનિવાર્ય છે તેમ યોગ્ય નિત્તિની ઉપસ્થિતિ પણ અનિવાર્ય છે—ભલે અકિંચિત્કર હો તોપણ-નિમિત્તની ઉપસ્થિતિ તો છે અનિવાર્ય જ! તો પછી, પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનપર્યંત પુરુષાર્થપૂર્વક જ કાર્ય થાય છે તેની દુંદુભિ વગાડી પણ નિમિત્તની ઉપસ્થિતિની અનિવાર્યતાને ક્યારેય યાદ શુદ્ધા કેમ ન કરી? અરે! નિમિત્તની હાજરીની અનિવાર્યતાને યાદ કરવી તો દૂર રહી, બલ્કે નિમિત્ત અકિંચિત્કર હોવાથી પુરુષાર્થનું રણશીંગૂ ફૂંકીફૂંકીને જાણે કે નિમિત્તને યાદ કરવા જેવું પણ નથી એમ સમજાવતાં રહેલાં! આમ કેમ!

બસ, અહીં જ જ્ઞાનીની મહાનતા સિદ્ધ થાય છે, પ્રસિદ્ધિ પામે છે! પાંચ સમવાયમાંના એકનો પણ જો નિષેધ કરવામાં આવે તો કાર્ય જ પ્રગટ નહીં થાય, તેથી એટલી જ અનિવાર્યતા છે યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિની જેટલી અનિવાર્યતા છે પુરુષાર્થની! તોપણ...શું તોપણ?-કે પુરુષાર્થપૂર્વક જ કાર્ય થતું હોવાથી પુરુષાર્થ કરો...પુરુષાર્થ કરો એમ જીવનપર્યંત ઉપદેશ દેતાં રહેલાં!-કારણ કે તેઓશ્રી જાણતાં હતા કે જેમ આળસુ બાળકને પોતાના હાથેથી કોળિયો મોઢામાં મૂકવાની પણ આળસ આવે છે; મા મારા મોઢામાં કોળિયો મૂકે તો સારું!-એમ, અજ્ઞાની જીવોને અનાદિનો એવો અભ્યાસ થઈ ગયો છે કે મારે પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન કરવાનો પ્રયત્ન કરવો પડે તેના કરતાં યોગ્ય નિમિત્ત-દેવ-ગુરુ-મને સમ્યગ્દર્શન કરાવી દે તો સારું! પર નિમિત્તની હાજરી વિના મારું કાર્ય તો થવાનું નથી એટલે પર નિમિત્ત જ ભલે ને મારું કાર્ય કરી ધે! આવી અનાદિની માન્યતા તો અજ્ઞાનીને પડેલી જ છે તેમાં જો નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય છે તે વાત સમજાવતા રહે તો તો અનાદિની માન્યતા જ દઢ કરતો રહેશે કે નિમિત્તથી જ કાર્ય થાય છે.

અગ્નિની હાજરી વિના પાણી ગરમ ન થાય, પેટ્રોલની હાજરી વિના ગાડી ન ચાલે વિગેરે વિગેરે કાર્યકાળે નિમિત્તની રહેલ ઉપસ્થિતિને જ જો ગાજીવાજીને કહેતા રહેવામાં આવે તો નિમિત્તથી જ કાર્ય થતું હોવાનું દઢપણે ભાસવા લાગશે! નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવી છે એટલે તો નિમિત્તની હાજરીની અનિવાર્યતાને યાદ કરવા જેવી નથી એમ સમજીને જ તેઓશ્રીએ પુરુષાર્થનો ઢંઢેરો પીટેલો.

સારાંશ એ કે નિમિત્તાધીન દૃષ્ટિ છોડવી હોય તો યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિની અનિવાર્યતાને ગૌણ કર્યે જ છૂટકો! જો 'હાજરીની અનિવાર્યતા તો છે ને!' એટલું પણ મુખ્ય કરવા જશો તો નિમિત્ત તરફ લક્ષ રહ્યા કરશે, નિમિત્ત તરફ જ લક્ષ ગયા કરશે એટલે નિમિત્તને ગોતતો ફરશે અને સરવાળે નિમિત્તથી જ મારું કાર્ય થાય છે તેવી ભાષા નહીં બોલવા છતાં તેવી જ માન્યતા દૃઢ કરતો રહેશે. માટે, નિમિત્તને જ ગૌણ કરવું રહ્યું!

બસ, આ દૃષ્ટાંતથી પુરુષાર્થ અને ક્રમબદ્ધના કોયડાની ગૂંચ પણ સહેલાઈથી ઊકેલી શકાય તેવી છે!

જીવ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરે તો જ સમ્યગ્દર્શન થાય, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના આશ્રય વિનાનો ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ સમ્યગ્દર્શન ન જ થાય, અર્થાત્ જ્ઞાયક સ્વભાવ પ્રધાન ભૂમિકામાં હોવા છતાં પુરુષાર્થ કરવાનો જ ઉપદેશ કેમ!-કે જ્ઞાયક સ્વભાવ તો સદાય છે જ, પરંતુ તેના આશ્રયનો પુરુષાર્થ જીવે કદી કર્યો નથી માટે પાંચ સમવાયમાં પુરુષાર્થને પ્રાધાન્ય અપાય છે. વળી, દર્શનમોહનીયકર્મના ઉપશમની કાળલબ્ધિ પાકે છે ત્યારે જ્ઞાયક સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ યથાર્થ પુરુષાર્થરૂપે હોય છે; કેમ કે કર્મના ઉપશમરૂપ નિમિત્તની હાજરી છે તોપણ કર્મના ઉપશમરૂપ નિમિત્તની હાજરી અકિંચિત્કર હોવાથી પુરુષાર્થ કરવાનો ઉપદેશ હોય છે. કારણ કે જેવી રીતે જીવ સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરી શકે છે તેવી રીતે દર્શનમોહનીયકર્મના ઉપશમનો પુરુષાર્થ તો કરી શકતો જ નથી, કેમ કે તે તો ભિન્ન દ્રવ્ય છે. તેથી એક માત્ર પુરુષાર્થ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓએ કર્યો છે.

આમ, નિમિત્તની હાજરી અનિવાર્ય હોવા છતાં નિમિત્ત અકિંચિત્કર હોવાથી, અનાદિની જીવની નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા, પુરુષાર્થ વડે સ્વાધીનતા સમજાવી છે. પરંતુ, અજ્ઞાનની પ્રાબલ્યતા એટલી બધી છે કે જ્યાં પરદ્રવ્યરૂપ નિમિત્તની દૃષ્ટિ છોડાવવા પુરુષાર્થ કરવાની પ્રેરણા કરી ત્યાં જીવ પોતાની પર્યાયને વહેલી મોડી કરવારૂપ પર્યાયના ફેરફારકર્તાપણાનો પુરુષાર્થ કરવા લાગ્યો! કેમ કે કાંઈ કરે નહીં તો ચેન પડે નહીં એટલે પોતાના કાર્યમાં પરદ્રવ્યના કર્તાપણાથી છોડાવ્યો તો પોતે પર્યાયના ફેરફારકર્તાપણાને વળગ્યો! અકર્તા-જ્ઞાયક-સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરવા ઉપદેશ કર્યો તો સ્વભાવના આશ્રયને બદલે પુરુષાર્થને સર્વસ્વ માની પુરુષાર્થ કરું.....કરું...કરતો થકો 'કાળલબ્ધિ અને ભવિતવ્ય કોઈ વસ્તુ નથી'-એવા કથનનું પોતાની મતિકલ્પના અનુસાર અર્થઘટન કરીને, પુરુષાર્થના નામે પર્યાયના ફેરફારકર્તાપણાને પુરુષાર્થ માનીને પર્યાયના કર્તૃત્વમાં લાગી ગયો! જોકે પૂજ્ય ગુરુદેવશ્રીએ તા ૨૩-૧૧-૬૫ના શ્રી કળશટીકા ઉપરના પ્રવચનમાં કરુણાપૂર્વક કહ્યું છે કે ''એ કોઈ વસ્તુ નથી એટલે એ કોઈ જુદી ચીજ નથી એમ કહેવું છે. અર્થ ન સમજે તો....! જે કાળમાં કાર્ય બને છે તે જ કાળલબ્ધિ અને

જે કાર્ય થયું તે ભવિતવ્ય...જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણનો ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ. કાળલબ્ધિનું કારણ તો ભેગું છે જ. આમ પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિનું કારણ ભેગું છે જ; ભવિતવ્યનું પણ ભેગું છે જ; નથી એમ નથી—એમ કહ્યું છે. એ શૈલી એવી કરી છે....જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને તો કાળલબ્ધિ અને ભવિતવ્ય થઈ ચૂક્યા. થઈ ચૂક્યા એટલે એમાં છે જ. નથી એમ ત્યાં નથી કહ્યું. આ આત્મા શુદ્ધ છે એમ જ્યાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યારે એ પુરુષાર્થનું કાર્ય એનું છે એમ ત્યાં બતાવે છે, પુરુષાર્થનું કાર્ય એના કાળે થયું છે એમ એને બતાવવું નથી; કેમ કે કાળે થવું એ તો વસ્તુમાં એક સ્થિતિ છે જ, આ બાજુમાં પુરુષાર્થ કરે તે વખતે ત્યાં કાળલબ્ધિ છે જ, ભવિતવ્ય છે જ, પુરુષાર્થ છે જ, સ્વભાવ છે જ, કાર્યનો અભાવ પણ છે જ. કાળલબ્ધિ અને ભવિતવ્યનો ત્યાં નિષેધ નથી કર્યો પણ કોઈ વસ્તુ જુદી નથી એમ ત્યાં કહેવું છે. એના પરિણામમાં આ વાત ન બેસે ત્યાં સુધી વાંધા...વાંધા!!'' (અરે! એમણે તો ભવિતવ્યનું સમર્થન કરતાં એમ કહ્યું છે કે ''....ઈનકી સિદ્ધિ ઈનકે કિયે ઉપાયનિંકે આધીન નાહીં; ભવિતવ્યકે આધીન હૈ....બહુરી ઉપાય બનના ભી અપને આધીન નાહીં; ભવિતવ્યકે આધીન હૈ.''

આમ, પોતાનું કાર્ય થવામાં નિમિત્તની હાજરી અનિવાર્ય હોવા છતાં નિમિત્ત તો પરદ્રવ્ય હોવાથી પોતાના કાર્યનું કર્તા નિમિત્ત નહીં હોવાનું સમજાવવું તો સરળ બન્યું; પરંતુ કાર્ય પોતાના પુરુષાર્થપૂર્વક જ થતું હોવાથી પુરુષાર્થદૃષ્ટિ-કર્તૃત્વપણું છોડાવીને સ્વભાવદૃષ્ટિ કઈ રીતે કરાવવી? પોતાનું કાર્ય તો પુરુષાર્થપૂર્વક જ થતું હોવાથી પુરુષાર્થની પ્રેરણા કરવા જતાં પુરુષાર્થને જ અર્થાત્ મિથ્યાત્વ ટાળીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાના કાર્યરૂપ પર્યાયના કર્તાપણાને જ પોષવા લાગ્યો એટલે કે ઉલમાંથી ચૂલમાં પડ્યો! અર્થાત્ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લેવાને બદલે પર્યાયના કરવાપણાનું લક્ષ બંધાઈ ગયું.

અજ્ઞાનવશ અનાદિથી જીવને કર્તૃત્વનો જ અધ્યાસ થઈ ગયો હોવાથી જ્યાં પુરુષાર્થ કરવાનો ઉપદેશ કર્યો ત્યાં સમ્યગ્દર્શન કરવું એ મારા અધિકારમાં હોવાથી ધારું ત્યારે પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન કરી શકું છું-ઈત્યાદિ પ્રકારે પુરુષાર્થની વ્યાખ્યા જ ઉલટી સમજી બેઠો! હું તો સદાય અકર્તા-જ્ઞાયક સ્વભાવી છું, પર્યાયમાત્રનો અકર્તાસ્વભાવી જ્ઞાયક છું—એમ જ્ઞાનમાં જ્ઞાતાપણું ભાસવું તેનું નામ યથાર્થ પુરુષાર્થ છે, બાકીનો બધો વિકલ્પરૂપ ઊંધો પુરુષાર્થ છે એમ સમજવાને બદલે પર્યાયના કર્તૃત્વને જ પુરુષાર્થ માનવા લાગ્યો !

નિમિત્તાધીનદૃષ્ટિ છોડાવી ત્યાં પુરુષાર્થના નામે પર્યાયના કર્તૃત્વની દૃષ્ટિ થઈ ગઈ તો હવે તેને પર્યાયદૃષ્ટિ છોડાવી અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરાવવી કઈ રીતે ? એટલે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ક્રમબદ્ધને આધાર બનાવીને અકર્તાપણું સમજાવ્યું. પરંતુ થયું એવું કે

અકર્તાપણું સમજાવવા જે ક્રમબદ્ધનો આધાર લીધો તે ક્રમબદ્ધથી તો કોયડો વધુ ગૂંચવાયો! ક્રમબદ્ધ અનુસાર પુરુષાર્થ હોય છે-એમ જ્યાં પુરુષાર્થનું કર્તૃત્વ છોડાવવા ગયા ત્યાં જાણે કે જીવનો અધિકાર જ છિનવાઈ ગયો હોય તેમ અજ્ઞાનીને લાગ્યું!

અજ્ઞાનીને એમ લાગવા માંડ્યું કે પુરુષાર્થપૂર્વક જીવ પોતાના પરિણામ ફેરવી શકે એવો જીવનો અધિકાર છે તે ક્રમબદ્ધ દ્વારા છિનવી લેવાય છે. પરંતુ જીવ તો અકર્તા-જ્ઞાતાસ્વભાવી છે તેથી જીવનો અધિકાર અકર્તારૂપ રહેવાનો હોય કે કર્તા થવાનો હોય? જીવના અધિકારની ચિંતા થતી હોય તો પહેલાં જીવનો સ્વભાવ શું છે તે તો સમજવું પડશે ને! જીવનો સ્વભાવ તો, ક્રમબદ્ધ અનુસાર પોતાના જન્મક્ષણે સ્વતંત્રપણે પર્યાયના ષટ્કારકથી પરિણમતા પરિણામમાત્રનો, જ્ઞાતાદૃષ્ટા રહેવાનો છે; ફેરફારકર્તા થવાનો તો સ્વભાવ છે જ નહીં; —એમ જીવનો સ્વભાવ સમજતાં, જીવનો અધિકાર તો અબાધિત અખંડિત જ રહેવાનું સમજાતા, જીવનો અધિકાર ક્રમબદ્ધના આધિપત્યથી છિનવાઈ જવાની અજ્ઞાનતા દૂર થઈ શકે છે. માટે જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ભવ્ય જીવોને પુરુષાર્થના બહાને કર્તૃત્વથી બચાવી લેવા ક્રમબદ્ધનો સિંહનાદ કર્યો છે.

એ રીતે એમ ફલિત થયું કે જેમ કોઈ પણ કાર્ય થવામાં યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય હોવા છતાં નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા પુરુષાર્થનો ઉપદેશ કર્યો, તેમ કોઈ પણ કાર્ય પુરુષાર્થપૂર્વક જ થતું હોવા છતાં કર્તૃત્વરૂપ પુરુષાર્થ છોડાવવા એટલે કે પર્યાયના કર્તૃત્વની બુદ્ધિ છોડાવીને સ્વભાવની દૃષ્ટિ કરાવવા ક્રમબદ્ધના સિદ્ધાંતનું પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રખર પ્રતિપાદન કર્યું છે, કેમ કે અકર્તાસ્વભાવી જ્ઞાયકની દૃષ્ટિ તો જ થાય જો કર્તૃત્વરૂપ પુરુષાર્થ છૂટે; એટલે કે સહજ પુરુષાર્થવડે જ્ઞાયકની દૃષ્ટિ થાય અને ક્રમબદ્ધના સ્વીકાર વડે સહજ પુરુષાર્થ પ્રગટે છે. માટે જ પૂજ્ય ગુરુદેવશ્રી ક્રમબદ્ધનો સિદ્ધાંત પોતાના આગમના મંથન વડે અંતરમાંથી આવેલો અદ્‌ભુત અફર મહા સિદ્ધાંત હોવાની અનેકવાર પ્રસન્નતા વ્યક્ત કરતા રહ્યા હતા.

આમ, જેમ નિમિત્તાધીન દૃષ્ટિ છોડવા માટે, યોગ્ય નિમિત્તની ઉપસ્થિતિની અનિવાર્યતાને ગૌણ કરવી પડે છે અને તેની ગૌણતા ત્યારે જ થઈ શકે છે કે જ્યારે પુરુષાર્થ ઉપર વજન જાય છે; તેમ પુરુષાર્થપૂર્વક જ પરિણામ થતા હોવા છતાં, પર્યાયના ફેરફારરૂપ કર્તૃત્વની દૃષ્ટિ છોડવા માટે, પુરુષાર્થ કરું કરું એ ગૌણ કરવું જ પડશે અને એ ગૌણતા ત્યારે જ થશે જ્યારે ક્રમબદ્ધ અનુસાર જ પુરુષાર્થ થાય છે—એમ ક્રમબદ્ધનો સ્વીકાર આવે. કારણ કે ક્રમબદ્ધના સ્વીકાર દ્વારા સહજ પુરુષાર્થ પ્રગટે છે, કર્તૃત્વરૂપ ઊંધો પુરુષાર્થ ટળે છે અને અકર્તા થઈ જાય છે. તેથી જ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે અકર્તાપણું સમજાવવા ક્રમબદ્ધનો આધાર લીધો છે અને તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રીએ અકર્તાસ્વભાવી જ્ઞાયકને લક્ષગત્ કરાવવા ક્રમબદ્ધની ધોધમાર વર્ષા વરસાવી છે.

એ રીતે, ક્રમબદ્ધનો સ્વીકાર એ જ વાસ્તવિક પુરુષાર્થ હોવાનું સિદ્ધ કરનારો ક્રમબદ્ધપર્યાયનો આ મહાન સિદ્ધાંત કે જેના શંખનાદથી સમસ્ત પ્રકારના કર્તૃત્વરૂપી સૈન્યને અકર્તૃત્વની શરણાગતિ સ્વીકારી લેવી પડે છે તે સિદ્ધાંત વડે સહજ પુરુષાર્થથી જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમવા સક્ષમ બનીએ એવી ભાવના..

**જિતુભાઈ નાગરદાસ મોદી, સોનગઢ**
**સંપાદક : આત્મધર્મ**

(શ્વેતવાહન મુનિ.... અનુસંધાન પેઈજ નં. ૨૫ થી ચાલુ)

કહે કે હે સાધુ! શીઘ્ર જ આ અશુભ ધ્યાન છોડો. ક્રોધરૂપ અગ્નિને શાંત કરો. મોહની જાળને દૂર કરો. મોક્ષના કારણરૂપ જે આ સંયમ તમે છોડ્યો છે તેને ફરીથી અંગીકાર કરો. આ સ્ત્રી પુત્ર તથા ભાઈ આદિનો સંબંધ અમનોજ્ઞ છે અને સંસારને વધારનાર છે આદિ યુક્તિપૂર્ણ વચનોથી તું એ મુનિનું સ્થિતિકરણ કર. તારા ઉપદેશથી તેઓ ફરીથી સ્વરૂપમાં સ્થિર થઈ શુકલ ધ્યાનરૂપી અગ્નિ વડે ઘાતિયાકર્મરૂપી સઘન વનને ભસ્મ કરી નાખશે અને કેવળજ્ઞાન આદિ લબ્ધિઓથી દેદીપ્યમાન શુદ્ધ સ્વભાવના ધારક થઈ જશે.

ગણધર મહારાજના આવા વચન સાંભળીને રાજા શ્રેણિક શીઘ્ર જ તે મુનિ પાસે ગયા અને ગણધર મહારાજના બતાવેલા માર્ગથી તેને પ્રસન્ન કરીને આવ્યા. એ મુનિરાજે પણ તુરત જ શ્રેણી માંડી શુકલ ધ્યાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(જુઓ! પરિણામોની કેવી વિચિત્ર યોગ્યતા છે કે ઘડીક પહેલાં સાતમી નરક અને ઘડીક પછી કેવળજ્ઞાન!) **(ઉત્તર પુરાણમાંથી)**

## વૈરાગ્ય સમાચાર :

અમદાવાદનિવાસી સરોજબેન હસમુખલાલ શાહ (વર્ષ-૫૭) (-તે ફતેપુરનિવાસી ચેતનભાઈ, નવરંગપુરા, તેમના નાના બેન) તા. ૨૩-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને સ્વાધ્યાયનો ઘણો જ રસ હતો. છેલ્લે સુધી સ્વાધ્યાય કરતા કરતાં કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

મલાડનિવાસી સ્વ. શ્રી પ્રેમજીભાઈ જૈન (કચ્છી)ના ધર્મપત્ની શ્રીમતી અમૃતબેન (વર્ષ- ) તા. ૨૫-૨-૧૩ના રોજ બ્રેઈન ટ્યુમરના કારણે ૧૭૫ દિવસ કોમામાં રહીને સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે છેલ્લા ૫૦ વર્ષોથી, પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં તેમજ ત્યારબાદ સોનગઢ તથા દેવલાલીમાં વારંવાર જઈને ઘણો લાભ લીધો હતો.

ઘાટકોપરનિવાસી શ્રી જયવંતભાઈ મગનલાલ મહેતાના ધર્મપત્ની ભારતીબેન (વર્ષ- ) તા. ૨૭-૨-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બિમાર અવસ્થામાં પણ તેમની ભાવના મુજબ એક મહિના પહેલાં સોનગઢ-દર્શનનો લાભ લેવા ગયા હતા. તેઓ દેવલાલી પ્રસંગ પર વારંવાર જઈને લાભ લેતા હતા.

અમદાવાદનિવાસી સ્વ. શ્રી મંગળદાસ શિવલાલ સંઘવીના સુપુત્ર શ્રી ભુપેન્દ્રભાઈ (વર્ષ-....) તા. ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દૃષ્ટિના વિષયનો ઘણો અભ્યાસ હતો. છેલ્લા કેટલાક વર્ષોથી નિવૃત્તિપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા હતા.



# સ્વાનુભૂતિ-દર્શન

## ( બહેનશ્રીની–તત્ત્વચર્ચા )

✻ શ્રોતા : નાસ્તિભાવે નિર્ણય બરાબર થાય છે, પણ અસ્તિભાવે પકડાતું નથી કે હું જ્ઞાયક આત્મા જ છું.

પૂજ્ય બહેનશ્રી : પહેલાં આત્મા દેખાતો નથી એટલે અસ્તિ ગ્રહણ થતી નથી ને રાગાદિ બધું કરવા જેવું નથી એમ થાય છે, કેમ કે રાગાદિ દુઃખરૂપ લાગે છે, તોપણ આત્મા સ્વ લક્ષણથી ઓળખાય છે. જાણનારો છે તે જ હું છું એમ પોતે વિચાર કરીને ઊંડો ઊતરીને સૂક્ષ્મ ઉપયોગ કરે તો પોતાની અસ્તિ ગ્રહણ થાય છે. પોતે પોતાને ભૂલી ગયો છે, પણ પોતે જ છે, બીજો નથી.

બધા ભાવો ચાલ્યા ગયા પણ પોતે જાણનારો તો એમ ને એમ શાશ્વત રહે છે. ગયા કાળમાં જે વિકલ્પો થયા તેને પોતે યાદ કરી શકે છે, પણ પોતે તો એમ ને એમ જ રહે છે. માટે જાણનારનું જેવું છે તેવું અસ્તિત્વ ગ્રહણ કરવા માંગે તો કરી શકે છે. પોતે અંદર ઊંડો ઊતરીને જે આ જાણનારો જ્ઞાયક છે–તે જ હું છું એમ તેના ઉપર જોર લાવી શકે છે. એમ જ્ઞાયક ઉપર જોર લાવી નિર્ણય કરે તો યથાર્થ પ્રતીતિ કરી શકે છે. પોતે વિચારીને અને અંતરમાંથી નક્કી કરીને જોર લાવે કે આ જાણનાર હું છું, આ રાગાદિ હું નથી, તો પોતે પોતાને ઓળખી શકે છે. ૫.

✻ શ્રોતા : આત્માને ઓળખવાનો અભ્યાસ કેવી રીતે કરવો? શું બહારનાં કામ છોડી દેવાં?

પૂજ્ય બહેનશ્રી : પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવાં ન હોવાં જોઈએ કે પોતાને વિચાર-વાંચનમાં ડખલ થાય. એટલાં બધાં કામ ન હોય કે વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછાં કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ. કેટલાંક કામ છોડવાં જોઈએ, પણ કેટલાં છૂટે તે પોતાની શક્તિ પ્રમાણે છે. પોતાને નિવૃત્તિ મળે, વાંચન-વિચારનો ટાઈમ મળે એવી જાતનાં મર્યાદિત કામ હોય. ગૃહસ્થાશ્રમમાં અમુક પ્રકારનાં કામ તો હોય છે, પણ પોતાને નિવૃત્તિ માટે ટાઈમ જ ન મળે અને બોજો વધી જાય તેવું ન હોય. કામ છોડવાં કે ન છોડવાં તે તો પોતાની રુચિ ઉપર છે, બાકી ગૃહસ્થાશ્રમમાં પોતાને વાંચન-વિચારનો ટાઈમ મળે એટલું તો હોવું જોઈએ. ૬.